# સત્યાન્વેષણ

SATYASHODHAK SABHA, SURAT

15 May '13 Vol. 5 No. 5

## સરબ્જીત માટે પણ વાસ્તુશાસ્ત્ર, એક ફાલતુ શાસ્ત્ર



નેટ પર તમને ચોક્કસ વાંચવા મળશે :
www.satyanveshan.com પર જાઓ.

# પાકીસ્તાનની ચુંટણીના તાયફા

આખી દુનીયામાં હીંસા દ્વારા ઈસ્લામની નીકાસ કરનાર દેશોમાં પાકીસ્તાન અવ્વલ નંબરે આવે છે. પાકીસ્તાન ઈસ્લામી દેશ છે. એ ભારત-અમેરીકા જેવા દેશોની લોકશાહી અને બીનસાંપ્રદાયીકતાનો લાભ ઉઠાવી  આ દેશોમાં ધાર્મીક સ્વાતંત્ર્યના મુદ્દા દુનીયામાં ઉછાળ્યા કરે છે. એ પોતાના દેશમાં ચુંટણી જેવી પ્રક્રીયામાં પણ ઉમેદવારોના કુર્આન અને શરીઅતની સમજ કેટલી છે તેની પરીક્ષા લે છે ! એના ચુંટણી અધીકારીઓ લાહોરની તૈયબા સોહની ચીના જેવી ઉમેદવારને કહી શકે છે કે ભલે એણે ઉમેદવારીપત્રકમાં એની ઉંમર ૩૫ વર્ષની લખી, પણ તેટલી લાગતી નથી ! એનાથી એ વધારે નાની લાગે છે ! આખી દુનીયામાં બુરખા માટે  તરખાટ મચાવનારા આ ઈસ્લામીઓ ચીનાને કહી શકે છે કે તે એનો બુરખો કાઢે. એનો ચહેરો આજુબાજુ ઉભેલા પરુષોને બતાવે કે જેથી તેઓ એની ખરી ઉંમર નકકી કરી શકે ! આમ ઈસ્લામી પાકીસ્તાનની ચુંટણી એટલે તાયફા !

---

Bit is a Binary digit - $1_S$ and $O_S$

| | | |
|---|---|---|
| 8 Bits | = | 1 byte |
| 1000 bytes | = | 1 kilobyte |
| 1000 kilobytes | = | 1 mega byte |
| 1000 Megabyte | = | 1 gegabyte |
| 1000 gegebyte | = | 1 terabyte |
| 1000 terabyte | = | 1 petabyte |
| 1000 petabyte | = | 1 exabyte |
| 1000 exabyte | = | 1 zettabyte |

અત્યારે ઈન્ટરનેટ પર રોજ ૩ ઝેટ્ટાબાઈટની સેવા ઉપલબ્ધ છે કે જેમાંથી દુનીયાના પાંચ અબજ લોકો ૨.૫ ઝેટ્ટાબાઈટનો ઉપયોગ કરે છે. આ આંકડા સુચવે છે કે આપણે આપણા પુર્વજો કરતાં તો ખરા જ, પરંતુ ગઈકાલ કરતાં પણ આજે વધારેને વધારે એકબીજાના સંપર્કમાં છીએ. આપણે વધારે સામાજીક અને સંવેદનશીલ બન્યા છીએ. આ સંદર્ભે આ અંકનો તંત્રી લેખ વાંચો.

---

વીવેકબુદ્ધીવાળુ જીવન માત્ર બુદ્ધીથી પ્રભાવીત જીવન નથી, પરંતુ દુઃખ, ગરીબી, અજ્ઞાનતા, વહેમ, ટુંકી દ્રષ્ટી, અસમાનતા, સામાજીક અન્યાય, બૌદ્ધીક ગુલામી જેવા તત્ત્વોને વીશ્વમાંથી ઓછા કરવા જેવા બીનઅંગત ધ્યેયોથી પ્રભાવીત જીવન પણ છે.

# સત્યાન્વેષણ

મુખ્ય સંપાદક

શ્રી સુર્યકાન્ત શાહ

સંપાદક મંડળ

ડૉ. બી. એ. પરીખ
શ્રી પ્રેમ સુમેસરા
શ્રી સીદ્ધાર્થ દેગામી
શ્રી દીલીપ નેમલાવાલા
મનસુખ નારીઆ

૧૫ મે, ૨૦૧૩ | સળંગ અંક : ૨૬૧ | **Vol. 5 No.4**

('સત્યાન્વેષણ' ઉંઝા જોડણીમાં તૈયાર થાય છે, સીવાય કે લેખકની તે માટે અનીચ્છા હોય.)


## સરબ્જીત માટે પણ વાસ્તુશાસ્ત્ર, એક ફાલતુ શાસ્ત્ર

પાકીસ્તાનની જેલમાં મારી નાંખવામાં આવેલ સરબ્જીત સીંગ પંજાબના ભીખીવીંડના રહેવાસી હતા. સરબ્જીત તો પાકીસ્તાનની જેલમાં બંધ હતા. એમને ફાંસીની સજા આપવાનો અદાલતી ફેંસલો જાહેર થઈ ગયો હતો. એને ફાંસી નહીં થાય તે માટે ભારત સરકાર સહીત ઘણા લોકો પ્રયત્નો કરતા હતા. આથી તેઓ જીવન–મરણ વચ્ચે ઝોલા ખાતા હતા. ભારતના એમના ગામના ઘરમાં પરત આવે તેવો આશાવાદ પણ એમના કુટુંબીઓ સેવતા હતા. આ આશા–નીરાશા વચ્ચે એમની પત્ની સુખપ્રીત અને બહેન દલબીરને આંધ્રના જાણીતા ફાલતુશાસ્ત્રી ગૌરુ ભીરુપાઈ રેડ્ડીનો ભેટો થઈ ગયો. જયોતીષીઓ, વાસ્તુશાસ્ત્રીઓ–ફેંગશુઈવાળાઓ આવા આશા–નીરાશા વચ્ચે ઝોલા ખાતા લોકોને ખાસ શીકાર બનાવે છે. કારણકે એમને મીથ્યા ખાતરી આપવાથી વધારે મોટી રકમ લુંટવાની મળે છે. રેડ્ડીએ પણ સુખપ્રીત અને દલબીરની પરીસ્થીતીનો પુરો લાભ ઉઠાવ્યો. એણે આ મહીલાઓને સમજાવ્યું કે તેઓ એમના ઘરમાં થોડા સુધારાલક્ષી પગલાં લે અને ફેરફાર કરે તો સરબ્જીત ચોકકસ પાકીસ્તાનની જેલમાંથી પાછા આવશે ! આ ખાતરીના બદલામાં એણે મોટી રકમ ખંખેરી લીધી. એ ઘર કાટખુણે ન હોતું. તેથી એનો ઈશાન ખુણો કાપીને ઘરને ચોરસ બનાવવામાં આવ્યું.

વાસ્તુશાસ્ત્રીઓથી નજર હમેશાં સંડાસ પર પડે જ છે. અહીં પણ ફાલતુશાસ્ત્રી રેડ્ડીની નજર સંડાસ પર પડી. સંડાસનું સ્થાન પવીત્ર નહોતું ! તે સ્થાન ફેરવવામાં આવ્યું. આ બધું કરવામાં આવ્યું. હજારોની ફી એ ફાલતુશાસ્ત્રીને આપવામાં આવી. લાખેકનો ખર્ચો ઘરમાં ફેરફાર કરવા માટે થયો. બન્ને મહીલાઓ ભાડાના મકાનમાં રહેવા ગઈ કારણ કે એમના મકાનમાં વાસ્તુશાસ્ત્ર પ્રમાણે તોડકામ–બાંધકામ થતું હતું. આ બધાં કામ પુરા થવા આવ્યા અને આ બે મહીલાઓને સમાચાર મળ્યા કે સરબ્જીતને પાકીસ્તાનની જેલમાં મારી નાંખવામાં આવ્યા છે. કહેવાય છે કે ફાલતુશાસ્ત્રી રેડ્ડી હવે દોષનો આખો ટોપલો આ બે મહીલાઓ પર અને ઘરમાં તોડકામ–બાંધકામ કરનારા પર ઢોળવા માટે મગજ કસી રહયા છે.

# ખાલી જગ્યા પુરો.

**–સુર્યકાન્ત શાહ**

(૧) …………… ની માન્યતા અનુસાર એની સ્થાપના માટે ભગવાન પોતે પૃથ્વી પર આવે છે.

(૨) ……………. ની માન્યતા અનુસાર એની સ્થાપના માટે ભગવાન એમના દીકરાને મોકલે છે.

(૩) ………….. ની માન્યતા અનુસાર એની સ્થાપના માટે ભગવાન એમના દુતને મોકલે છે.

(૪) …………… ની માન્યતા અનુસાર એની સ્થાપના માટે દરેક માણસે પોતાનાથી જ શરુઆત કરવાની છે.

(૫) ………………. ની માન્યતા અનુસાર એની સ્થાપના માટે કોઈ માનવ જ મહામાનવ બનતો હોય છે.

(૧) માનવવાદ (૨) ઈસ્લામ ધર્મ (૩) હીંદુ ધર્મ (૪) જૈન ધર્મ
(૫) ખ્રીસ્તી ધર્મ

તા. ૧૫/૦૪/૧૩ ના અંકમાંના વસ્તુલક્ષી પ્રશ્નોના ઉત્તરો.

(૧) – ૪, (૨) – ૧, (૩) – ૨, (૪) – ૫ (૫) – ૩

## સત્યાન્વેષણ માસીક


**ધી રજીસ્ટ્રેશન ઓફ ન્યુઝ પેપર્સ, સેન્ટ્રલ રૂલ્સ, ૧૯૯૬ અન્વયે**
**સત્યાન્વેષણ માસીક સંચાલીત માહીતી**
**ફોર્મ નં. : ૪ (નીયમ નં. ૮ મુજબ)**

સમાચાર પત્રનું નામ : સત્યાન્વેષણ. પ્રકાશનની સામયીકતા : માસીક. સમાચાર પત્રની ભાષા : ગુજરાતી. પ્રકાશક : સત્યશોધક સભા, મુદ્રક : શ્રી સુર્યકાન્ત સોભાગચંદ શાહ, સુરત. શ્રી શં ફ. અગ્રવાલ ટ્રસ્ટ, ગોપીપુરા, સુરત. રાષ્ટ્રીયતા : ભારતીય. માલીક : સત્યશોધક સભા, સરનામું : ૩, અભીનવ પાર્ક, ઘોડદોડ રોડ, સુરત. અવધી : માસીક. કીંમત : વાર્ષીક લવાજમ રૂા. ૧૦૦, આજીવન રૂા. ૧૦૦૦ હું બાબુભાઈ ધીરજલાલ દેસાઈ, પ્રમુખ : સત્યશોધક સભા, આથી જાહેર કરું છું કે ઉપર આપેલ વીગતો મારી જાણ અને માન્યતા મુજબ સાચી છે.

તા. : ૬–૫–૧૩

બાબુભાઈ દેસાઈ
પ્રમુખ

# માનવીને, માનવતા બક્ષતું વીજ્ઞાન

**–તંત્રીલેખ**

વીજ્ઞાનમાં લાગણી નથી હોતી, એમાં તો બુદ્ધીને વધુ પ્રાધાન્ય હોય છે અને માયા, મમતા, પ્રેમ કે નીસ્બત ઓછી હોય એવું છાશવારે, ગાઈ બજાવીને કહેવામાં આવતું હોય છે. અરે, કથાકારો, આખ્યાનકારો તો વીજ્ઞાન તો યંત્ર આધારીત છે, અધ્યાત્મમાં વધારે માનવીય ગુણો હોય છે એવી વાતો કહેતા હોય છે. ઉપરાંત વીડીયો–ફોટોગ્રાફી થતી હોય છે. પાંચ જગ્યાએ મોટા પડદા ઉપર દ્રશ્યો દર્શાવાતા હોય છે. પ્રેક્ષકગૃહ એરકન્ડીશન્ડ હોલમાં હોય છે. આશારામ બાપુ તો મોટર ફોર્સથી લાખ્ખો ભકતોને 'પવીત્ર' જળથી બધાને ધન્ય ધન્ય કરી દે છે. ટુંકમાં વીજ્ઞાનની મદદથી, વીજ્ઞાનને ભાંડવાની કોઈ તક ધાર્મીકો ચુકતા નથી.

વાસ્તવમાં વીજ્ઞાને આપણી દુનીયા અત્યંત નાની કરી નાંખી છે. વીજ્ઞાને ક્ષીતીજ ખોલી નાંખી છે. એથી હજારો માઈલ દુરના પ્રદેશમાં કશુંક બને તો તુર્ત જ બધાને જાણ થાય છે. તુર્ત જ એ ઘટના ઉપર મનન–ચીંતન શરુ થઈ જાય છે. લોકો પ્રતીભાવ આપતા થાય છે. સારી ઘટના હોય તો બધા એને વધાવી લે છે. ખરાબ ઘટના હોય તો બધેથી ઉહાપોહ શરૂ થઈ છે. લોકજુવાળની સામે સત્તાધીશોને નમવું પડતું હોય છે. એ બધાંની પાછળ આપણી સેવામાં લાગેલાં વીજ્ઞાનના સાધનો છે.

ક્રીકેટ, ફુટબોલ જેવી રમતો રમાતી હોય અને આપણને જે તે ઘડીએ તુર્ત જ ખબર પડી જતી હોય છે અને બધેથી હર્ષ સાથે અભીનંદનનો વરસાદ શરૂ થઈ જાય છે. વીશ્વભરના લોકો એ આનંદમાં વીજ્ઞાનને કારણે, ભાગીદાર બને છે. આ હવે આપણો સામાન્ય અનુભવ થઈ ગયો છે.

પાકીસ્તાનમાં મલાલા નામની બાળાને તાલીબાનોએ શાળામાં જતી અટકાવવામાં આવતા અને એને ઈજાગ્રસ્ત કરતા વીજ્ઞાનને કારણે, આખી દુનીયાને જાણ થઈ ગઈ. ચારે ખુણેથી ફીટ્કાર વીરોધનો વંટોળ શરુ થયો. ભારે નીંદા થઈ. છેવટે બાળાને લંડનમાં આશરો મળ્યો. એની સારવાર થઈ અને ફરીથી એણે શાળાએ જવાનું શરુ પણ કરી દીધું.

આપણા દેશમાં પણ દીલ્હીમાં બળાત્કારની ઘટના થઈ, અને સમગ્ર દેશમાં વીજ્ઞાનની મદદથી ચોંકાવનારા સમાચાર મળતાં જ એની નીંદા થઈ. ટોળેટોળાં ઉમટી પડયાં. દીલ્હીમાં તો વીરોધને કાબુમાં રાખવાનું સરકારને ભારે પડી ગયું. ત્યારપછી જે બધું બન્યું એની પાછળ વીજ્ઞાનનાં સાધનોનો ફાળો નાનોસુનો નથી. એવી જ અને તેનાથી વધારે ગંભીર બળાત્કારોની ઘટના દેશમાં અન્યત્ર બની અને લોકોને જાણકારી આપવાનું રાખવામાં આવ્યું નહીં. આથી લોકોમાં એની સંવેદના ઓછી રહી.

ભુતકાળમાં આપણા સગાંવહાલામાં પણ નાની–મોટી ઘટના બનતી તો કયારેક તો આઠ દીવસ પછી ખબર પડતી, જયારે વીજ્ઞાનની મદદથી લોકોના સુખ–દુઃખમાં આપણી ભાગીદારી ખુબ વહેલી અને તે પણ વઘારે વ્યકત થાય છે.

તેવી જ રીતે આપણી લાગણીઓ કે સંબંઘો માત્ર જ્ઞાતી, જાતી, ઘર્મ કે વીસ્તાર પુરતાં મર્યાદીત રહેતાં નથી. કોઈપણ અશોભનીય ઘટના થાય તો તે કરનાર ગમે તે વ્યકતી હોય બઘા એના પર તુટી પડતા હોય છે. લોકો પોતાની લાગણી વઘુ ઝડપથી અસરકારક રીતે દર્શાવતા થયા છે. સુખમાં ભાગીદાર થાય પરંતુ ખોટું થાય તો લોકો દુઃખમાં પણ એટલા જ ભાગીદાર થવા માંડયા. આ પણ વીજ્ઞાન અને ટેકનોલોજીના પ્રભાવને કારણે શકય બનતુ થયું છે.

ટીવી, રેડીયો કે છાપાંમાં આવતા સમાચારોથી આનંદીત થતા કે દુઃખી થતા, લોકોની વાત આપણે રોજેરોજ સાંભળીએ છીએ. ખાસ કરીને, સીનીયર સીટીઝનો, સાંજે ટોળે વળે તો વીજ્ઞાનની જાણકારી હોવાને કારણે જ વીશ્વભરમાં બનેલી ઘટનાઓની મીમાંસા કરતા રહેતા હોય છે.

ટુંકમાં, લોકોના મગજ હવે સંકુચીત, કુપમંડુક, જ્ઞાતીવાદી કે કોમવાદી રહયાં નથી. એક માનવી અન્ય માનવી પરત્વે જે કુદરતી પ્રેમ, લાગણી, હર્ષ કે દુઃખ અનુભવતો થયો છે એ બઘુ જ વીજ્ઞાન અને વીજ્ઞાને આપેલ સાઘનોથી શકય બન્યું છે.

વીજ્ઞાન અને વૈજ્ઞાનીક પદ્ધતી જ માનવીને વઘુ માનવીય અને ગૌરવપુર્ણ જીવન બક્ષી શકે એમ છે.

## બ્રહ્મચર્ય અને ગાંઘીજી

‘તેની (બ્રહ્મચારીની) જનનેન્દ્રીયે પણ જુદું રૂપ લીઘું હશે, એટલે કે તે સદાયને માટે વીકારરહીત થશે. એ વીર્યહીન થઈ નપુંસક નહીં થાય, પણ તેના વીર્યનું પરીવર્તન થવાથી તે નપુંસક જેવો લાગશે.’ – (ગાંઘીજીના બ્રહ્મચર્ય અંગેના વીચારો કેટલા અવાસ્તવીક અને વ્યકતીને નપુંસક બનાવી દેવા સુઘીની નુકસાનકારક ઈચ્છા ઘરાવતા હતા ! એમની ‘આરોગ્યની ચાવી’ પુસ્તીકામાંથી) આટલું ઓછું હોય તેમ તેઓ વીર્ય અંગેનું પોતાનું અજ્ઞાન આ જ પુસ્તીકામાં આ પ્રમાણે જાહેર કરે છે : ‘વીર્યસંગ્રહ વીના પુર્ણ આરોગ્ય જાળવવું અશકયવત્ સમજવું. જે વીર્યમાં બીજા મનુષ્યને પેદા કરવાની શકતી છે તે વીર્યનું ફોકટ સ્ખલન થવા દેવું એ મહા અજ્ઞાનની નીશાની છે. વીર્યનો ઉપયોગ ભોગને સારું નથી, પણ કેવળ પ્રજોત્પત્તીને સારુ છે.’

# ચાલો આપણે સેકસ (Sex) વીશે વાત કરીએ !

**–ડૉ. બી. એ. પરીખ**

કોણ જાણે સેકસ–જાતીયતા એ સર્વસાધારણ કુદરતી લક્ષણ હોવા છતાં તેના વીશે પ્રગટપણે વાત કરવામાં આપણે ભારતીયો દાયકાઓથી એક પ્રકારનો, 'રખેને મારી વાત કોઈ સાંભળી જશે !' કે 'આવું વાંચતા–જોતાં મને કોઈ જોઈ જશે. ?' એવી ગુનાહીત લાગણી અને અપરાધભાવ ધરાવીએ છીએ. પુખ્ત વયના પુરુષો તેમજ પુખ્ત વયની સ્ત્રીઓ બંને એકબીજા સાથે તો આ વીષયે વાત જ છેડશે નહીં. યુવાન–તરૂણ યુવકો કે યુવતીઓ 'છાના છપના રખેને કોઈ સાંભળતું, જોતું તો નથી ને ?' એવા ડર, સંકોચથી રોમાંચ અનુભવવાની વાતો કરે છે.

જાતીય પ્રકારનાં ચીત્રો, સાહીત્ય આપણને સૌને જોવું વાંચવું તો ગમે જ. આનંદ પણ મળે ને પરંતુ જાહેરમાં નહી, એ તો ગંદુ અરે આપણા સમાજમાં તો પતી–પત્ની પણ જાતીય સંબંધો બાંધવા છતાં જાતીય બાબતો વીશે વાત કરવામાં, જાતીય આનંદ માણવા વીશે લાગણીઓ બતાવવામાં પણ સંકોચ અનુભવે છે. આપણે માનીએ છીએ કે જાતીય બાબતો, સમસ્યાઓ વીશે પ્રમાણીકપણે ખુલ્લા દીલથી જાહેરમાં વાતો કરીએ, માણીએ એ આપણા ધર્મ, આપણી સંસ્કૃતી, આપણા ચારીત્ર્ય માટે શોભાસ્પદ નથી. જાતીય બાબતો વીશે વાત–ચર્ચા અંગે આપણા લોક માને છે કે યુવાન માનસને ભ્રષ્ટ, ચારીત્ર્યહીન બનાવે છે. તેમને દુષ્માર્ગે જવા પ્રેરે છે. જાતીય બાબતો વીષે વાતચીત એ કશુંક જાહેરમાં ન થાય. માત્ર એકાંત ખાનગીમાં જ થાય એવું શરમજનક ગંદુ કૃત્ય છે.

આપણી ભાષા–વાતચીતમાં જાતીય અંગો, તેમનું બંધારણ, વર્ણન, જાતીય ક્રીયાઓ, લાગણીઓનું વર્ણન કરવા અંગે વ્યવહારમાં પ્રયોજવા માટે શીષ્ટ લાગે તેવો પારીભાષીક શબ્દો પણ નથી. હા બીભત્સ ગાળો સેકસ વીષયક જ હોય અને આવી ગાળો સામી વ્યકતીનું અત્યંત અપમાન કરવા, હીન બતાવવા માટે પ્રયોજાય છે.

સેકસ વીષેની ગ્રંથી એટલી ઊંડી અને મજબૂત છે કે મોટા ભાગનાં સ્ત્રી–પુરૂષો સેકસ વીષે વાત જ કરે નહીં. એમાં સ્ત્રીઓએ તો વળી વધારે સચેત, ચીંતીત અને જાગ્રત રહેવું પડે. પુરુષો કદાચ થોડી ખુલ્લી રીતે જો કે એકલા કે જૂથમાં સેકસ વીષે વાતો કરે, પરંતુ સ્ત્રીઓ તો સેકસ બાબતે સેકસનીરપેક્ષ (asexual) જ હોય એવું દ્રઢપણે માનવા અને ઠસાવવામાં આવે છે, આજે સેકસ અંગે થોડી છુટછાટો વધી છે. છતાં લગ્નજીવન સીવાય, લગ્નની પહેલાં અને

લગ્નજીવન બહાર જાતીય પ્રવૃત્તી–આનંદ મેળવવાનું વર્જ્ય મનાય છે અને વળી કેટલાક તો એવા ચુસ્ત હોય છે કે સંતતી ઉપાર્જન સીવાય જાતીય ક્રીડા–આનંદ મેળવવો એ કંઈક અજુગતું, અનૈતીક હોવા ઉપરાંત વ્યકતી તેમજ સમાજ માટે હાનીકારક છે એવું માને છે.

વીચીત્રતા એ છે કે આપણા પુરાણા સમયમાં આવી ગ્રંથીઓ–નીષેધો ન હતી. વીશ્વમાં સેકસ અંગે વીસ્તૃત, વૈજ્ઞાનીક તેમજ વ્યવહારીક ચર્ચા સૌથી પ્રથમ ભારતીય મુની વાત્સયયને ‘કામશાસ્ત્ર’ ગ્રંથમાં કરી છે. એનું આપણે વળી ગૌરવ લઈએ છીએ. સુર્યમંદીરોમાં આખુ મંદીર જ કામશીલ્પજડીત હોય એવી આપણી સંસ્કૃતી હતી તે અંગે ખનુરાહો, કોણાર્ક, મોઢેરાના સુર્યમંદીરોનાં ઉદાહરણો ગૌરવભેર ટાંકીએ છીએ. આપણાં પુરાણો, મહાભારત તેમ જ દંતકથાઓમાં ઋષી–મુનીઓ રાજા–મહારાજાઓના સંબંધમાં જાતીય ઉદારતા, સ્વાતંત્ર્ય, સ્વચ્છંદતાના અને આવા સંબંધથી જન્મેલા સંતાનો સ્વીકાર્ય અને સન્માન્ય બન્યાં છે, તે વીષે વાતો કરવામાં આપણને કોઈ છેહ લાગતો નથી. આપણા શાસ્ત્રોમાં બ્રહ્મચર્ય–સેકસ રહીત જીવનનો મહીમા તો ગવાયો છે, છતાં આપણા ઋષીઓ યથેચ્છ લગ્ન અને જાતીય જીવન માણતા હતા તે પણ હકીકત છે.

તો પછી આપણા દેશ, સમાજ સંસ્કૃતીમાં સેકસ વીષે જડતા, નીષેધો આવ્યાં કયાંથી ? કેવી રીતે ? કેટલાંક એમ માને છે કે લાંબા મુસ્લીમ શાસનકર્તાઓના સમયમાં આપણી સ્ત્રીઓને ભ્રષ્ટ કરવાની, શીયળ લુંટવાની અનેક ઘટનાઓ–પ્રસંગો વારંવાર બનતા હતા. વળી બ્રીટીશ શાસન દરમીયાન પણ બ્રીટીશ રૂઢીચુસ્ત માનસનો પ્રભાવ પડયો. કેટલાક એમ માને છે કે બ્રાહ્મણ ધર્મગુરુઓએ સમાજશાસન ઉપર પોતાનું પ્રભુત્વ સ્થાપવા માટે કડક, જંગલી કહેવાય તેવા જાતીયતા વીષયક નીષેધક નીયમો બનાવ્યા. બાળલગ્ન, વીધવા પુર્નવીવાહ પ્રતીબંધ, શીયળ સાચવવા જાહેર–અગ્ની સ્નાન કે આત્મહત્યા સ્ત્રીઓમાં ઘુંઘટ તેમ જ પડદાની પ્રથા, બાળકી પુખ્તવયે પહોંચે એટલે તેની ગતીવીધીઓ વસ્ત્રપરીધાન ઉપર અંકુશો, બ્રહ્મચર્યનો મહીમા વગેરે દાખલ થયા. આજે પણ સેકસ વીષે સાચી માહીતી મેળવવાનાં અનેક સ્ત્રોતો તેમ જ માર્ગો છે. શીક્ષણનું પ્રમાણ વધ્યું છે છતાં સેકસ વીષે શીક્ષીત વર્ગમાં પણ અનેક પ્રકારની ખોટી સમજણ, ગેરસમજ, કુંઠાઓ, પુર્વગ્રહો, વહેમો પ્રવર્તે છે.

આપણે ત્યાં સેકસ વીષયક અનેક પ્રકારની ગુનાહીત ઘટનાઓ બને છે. વેશ્યા વ્યવસાય તેમાં પણ બાળ વેશ્યા અને બાળકો સાથે જાતીય દુષ્કર્મોનું જાતીય ગુનાઓનું

પ્રમાણ વધતું જાય છે. વસ્તી ૧૨૧ કરોડ ઉપર પહોંચી છે. છતાં જાણે જાતીય બાબતો સેક્સનું સમાજમાં કોઈ અસ્તીત્વ જ નથી એવા ભ્રમ આપણે સેવીએ છીએ. એવો ઢોંગ આપણે કરીએ છીએ. જાતીય સાહીત્ય, જાતીયતા વીષયક વાર્તાઓ ફીલ્મો, ચીત્રો કળાકૃતીઓ પર પ્રતીબંધો છે. આપણી કળાકૃતીઓ પર પ્રતીબંધો છે. આપણા પ્રબુદ્ધ નાગરીકો, રાજકરણીઓ, ધર્મગુરુઓ, સુજ્ઞ સ્ત્રી–પુરુષો જાહેરમાં સેક્સ વીશે કોઈ જાહેર સ્ટેન્ડ કે અભીગમ પણ બતાવે નહીં. હાલમાં દીલ્હીમાં યુવતી 'પીડીતા' ઉપર બળાત્કારની ઘટના બની તે પ્રસંગે સ્ત્રીઓ ઉપર 'જાતીય હુમલા' વીશે ભયંકર આક્રોશ અને ઉહાપોહ પ્રગટ થયા. રાજકારણીઓ, ધર્મ ગુરુઓ, પંચાયતો., શીક્ષીત પુરુષોએ જાતજાતની પોતપોતાની કુંઠાઓ–માનસ અનુસાર મંતવ્યો પ્રગટ કર્યા, પરંતુ આ દેશમાં આજે સેક્સ વીષયક વૈજ્ઞાનીક કુંઠા–પૂર્વગ્રહ રહીત મુકત ચર્ચા કરવાની તેમજ માહીતી વીતરણ કરવાની, એ કુંઠાઓ–પૂર્વગ્રહો દરે કરવાની જરુર છે. એવો મુદ્દો ભાગ્યે જ કોઈએ ઉઠાવ્યો.

સૌને વૈરાગી–સંસારી, શીક્ષીત–અભણ, સ્ત્રી–પુરુષ–બાળકીને સેક્સમાં રસ, આકર્ષણ છે છતાં તેનો નકારા અવજ્ઞા કરવા એ કેવો દંભ ? ભૂખ તરસની જેમ કામ પણ એક પ્રાકૃતીક, કુદરતી જૈવીય જરૂરત છે એ જાણવા આચરવા છતાં તેના પ્રત્યે જાણે કે તેનું અસ્તીત્ત્વ જ નથી, એવું વલણ ! એવું કેવું ? એમ કેમ ?

સેક્સ વીષે આપણે મગજ ફેરવી લઈએ છીએ એટલે બે ગંભીર સમસ્યાઓ પ્રગટે છે. એક કે દમન થએલી જાતીય તૃષ્ણાઓ, ઝંખનાઓ અસામાજીક, અભદ્ર રીતે ઊછળી આવે છે. અને બીજુ સેક્સ વીષયક કોઈપણ સમસ્યા વીષે આપણે અર્થસભર, ગંભીર ચર્ચા કરી શકતા નથી. કરતા નથી.

આ દમન થએલી જાતીય તૃષ્ણાઓ વેશ્યાગીરી, બળાત્કાર તેમજ જાતીય દુષ્કર્મો, બાળકો સાથે યૌન વ્યવહાર, જાતીય હુમલાઓ વગેરે રૂપમાં પ્રગટ થાય છે. વળી સ્ત્રીઓને જાતીય સતામણી, તેમની પાછળ પાછળ જવું, છૂપી રીતે ડોકીયા કરવા, સ્ત્રીઓમાં બીનસલામતીની ભાવના આ બધું એ પરાણે દબાવેલી જાતીય વૃત્તીના કારણે જ છે.

જાતીય બાબતોમાં પ્રમાણીકતાનો અભાવ અને દમનનું બહુ ગંભીર પરીણામ એ છે કે મોટા ભાગના માણસો જાતીયતા પરત્વે બેવડું જીવન, દંભી, બનાવટી પવીત્રતાનું જીવન જીવે છે. બહારથી એકનીષ્ઠ, વફાદાર, સંયમી જીવન જીવતા નેતાઓ, રાજકરણીઓ, ધનીકો, સાધુ–પુજારીઓ, ધર્મગુરુઓ યુવાન સ્ત્રી–પુરૂષો પણ બેવડાં જીવન જીવે છે, ખાનગી જીવનમાં

સ્ત્રીઓ સાથે (અવૈધ રૂપમાં) જાતીય જીવન માણતી વ્યકતી જાહેરમાં એક શુદ્ધ, પવીત્ર, એકનીષ્ઠ, સદાચારી તરીકેની છાપ ખરડાય નહી તેવા સઘન પ્રયાસો કરે છે. આથી તો સમયાંતરે જાતીય કૌભાંડો, જાતીય અત્યાચારો, હત્યા, શોષણના જે કીસ્સાઓ બને છે. ગુનાખોરીની અંધારી આલમની જેમ જાતીય શોષણ, યૌન પ્રવૃત્તીઓની પણ અંધારી આલમ છે પરીણામે આપણો સમાજ આજે જાતીય બાબતો સેકસ પરત્વે જુઠાણાં, દુષ્કૃત્યો અને દંભી આચરણોથી ભરપુર છે.

સેકસ વીષે ખુલ્લા દીલે વાત જ ન થઈ શકે એ વલણના પરીણામે સામાજીક સેકસ, આરોગ્ય તેમજ નીયમન વીષયક પ્રમાણીક ચર્ચા કરી યોગ્ય નીર્ણયો લઈ શકયા નથી. હાલમાં જે સેકસ મુદ્દાઓ વીષે જાહેર ઉહાપોહ થયો તેમાં આપણે મુકતપણે, પુર્વગ્રહ મુકત ચર્ચા કરી શકતા નથી. સંમતીથી જાતીય સંબંધ બાંધી શકાય તેની ઉંમર હાલ ૧૮ વર્ષની છે. વર્તમાન સામાજીક પરીસ્થીતીમાં પુખ્તતા પ્રાપ્ત કરવાની વય ઘટી છે. તરૂણ–તરૂણીઓને મુકતપણે હળવા મળવાની ઘણી તકો હોય છે. તેમની વચ્ચે જાતીય આકર્ષણ ઉદ્ભવે અને જાતીય સંબંધો વીકસાવવામાં આગળ વધવાની ઉત્તેજનાઓ પણ પ્રગટે. તેથી હાલની ઉંમર ૧૮ ને બદલે ૧૬ કરવા અંગે પ્રસ્તાવ આવ્યો કે જેથી ૧૬ વર્ષે બંધાતા સંબંધો ગેરકાયદો અવૈધ, ગુનાહીત ન ગણાય. આ મુદ્દા ઉપર ત્રણ વીભાગો સ્ત્રી કલ્યાણ, કાનુન વીભાગ, ગૃહ ખાતુ તેમજ છુટી છુટી વ્યકતીઓએ અલગ અલગ ! અભીપ્રાયો આપ્યા, પરંતુ તે અંગે દરેકના કારણો તો અલગ અલગ મુકત જાહેર ચર્ચા, વીવાદ કરી કંઈક સહમતી સધાય એવા પ્રયાસો તો થઈ શકયા જ નહીં. વળી બળાત્કારની ઘટનાઓમાં બળાત્કારના દરેક કીસ્સાને અલગ અલગ રીતે સમજવાની જરુર હોય. તેના બદલે બળાત્કારીઓને 'ફાંસીએ લટકાવો' એવું આત્યંતીક વલણ જોરદાર બન્યું.

કેટલાંક વરસો પહેલા શાળાઓમાં સેકસ એજયુકેશન આપવા અંગે નીર્ણય લેવામાં આવ્યો. આ અંગેનો અભ્યાસક્રમ નકકી થયો. તે અનુસાર પુસ્તકો લખાયાં, શીક્ષકોને આ વીષય કીશોર વયના બાળકોને કેવી રીતે શીખવાય તેની તાલીમ આપવામાં આવી. પુરો તખ્તો ગોઠવાઈ ગયો ત્યાં 'સમાજના સંરક્ષકો' મુલ્યોની – સંસ્કૃતીની જાળવણી કરવાવાળા એની વીરોધમાં તુટી પડયા અને આખો તૈયાર પ્રોજેકટ પડતો મુકાયો. સેકસ અંગે શું કરવું, ન કરવું, ચર્ચા વીચારણા કરવી ન કરવી, એ અંગે આપણે પ્રમાણીક રીતે નીર્ણય કરતા નથી. બધુ જ સરસ, સારુ, બરાબર છે તેવો દંભ દેખાવ કરીએ છીએ અને પછી યથાવત્ ચાલ્યા કરે છે.

આજે ભારત દેશ વીશ્વના અન્ય અનેક દેશોની સરખામણીમાં ઘણી બાબતે આઘુનીકતા અને મુકત સ્વાતંત્ર્ય ભોગવે છે. સુઘરતું જતું જીવન ઘોરણ, અભીવ્યકતીનું સ્વાતંત્ર્ય, ઘાર્મીક સ્વાતંત્ર્ય તેમ જ વાણી, વીચાર, વર્તન વગેરે અંગે છુટકારો અનુભવીએ છીએ. જો કે આ આઘુનીકતાની સામે કેટલીક બાબતોમાં હજી કેટલાક સામાજીક જૂથો, કોમો, સમાજો અત્યંત બંઘીયાર રુઢીચુસ્ત છે, પરંતુ હવે 'આ આઘુનીક પ્રગતીશીલ કહેવડાવવાની સાથે જુનું મુલ્યવાન છે. સંસ્કૃતીનું ગૌરવ છે ? એવા મીથ્યા અભીમાનમાંથી, કુંઠા અને પુર્વગ્રહોમાંથી બહાર નીકળવાની જરૂર છે. આ દીશામાં આપણે ગંભીર બનીને કહીએ કે, અમે ભારતીય છીએ, અને અન્ય પ્રશ્નો–સમસ્યાઓની જેમ સેકસ વીષયક પણ મુકત ચર્ચા કરવાની જરૂર છે. આપણે સ્વસ્થ રીતે આવી ચર્ચા કરી શકીએ છીએ એટલી પુખ્તતા – સમજ તો આપણામાં છે જ.

(ડૉ. પરીખનું 'લગ્ન પહેલા અને પછી' પુસ્તક આ સંદર્ભે જરૂર વાંચો)

---

'ઘોડાના લીંગને સ્ત્રી ગ્રહણ કરે, તેની સાથે યજમાનની સ્ત્રી પાસે સમાગમ કરાવવો' આ શ્લોક દ્વારા યજ્ઞ વખતે કેવી કેવી અશ્લીલતાઓ આચરવામાં આવતી હતી તેનો ખ્યાલ આવે છે. મનસ્મૃતીમાં પણ કહયું છે કે 'વૈદીકી હીંસા, હીંસા ન ભવતી' અર્થાત્ વેદોની આજ્ઞા અનુસાર 'યજ્ઞોમાં જે પશુઓનો હોમ કરવામાં આવે છે તેને હીંસા કહેવાય નહીં.'

ન માંસભક્ષણે દોષો, ન મદ્યે, ન ચ મૈથુને (મનુ. ૫–૫૬)

સૌત્રામણ્યા સુરાં પિબેત – પ્રોક્ષિતં ભક્ષયેન્માસમ્ (મન. ૫–૨૭)

અર્થાત્ માંસભક્ષણ, મદ્યપાન અને મૈથુન કરવામાં (યજ્ઞ વખતે) કોઈ દોષ નથી.

સોત્રામણી યજ્ઞમાં મદ્ય પીઓ અને પ્રોક્ષીત યજ્ઞમાં માંસ ખાઓ.

આ વીષયમાં વઘારે પ્રમાણેની કોઈ જરૂર નથી, કારણ કે ઉદાલક મુનીનું દ્રષ્ટાંત પણ આપણી સામે છે જ. જયારે તેમની પત્નીને લઈને અન્ય એક ઋષી ચાલતા થાય છે, ત્યારે ઉદાલકપુત્ર શ્વેતકેતુ અત્યંત ગુસ્સે થઈ જાય છે. ત્યારે ઉદાલક ઋષી પુત્રનો ગુસ્સો શાંત પાડતા કહે છે કે 'આ તો સનાતન ઘર્મ છે.' વળી સીતા દ્રૌપદી, કુંતા, અંબીકા, અંબાલીકા વગેરે અનેક સ્ત્રીઓના દ્રષ્ટાંતો આપણી સામે છે જ.

(એન. વી. ચાવડા 'ચાર્વાકદર્શન' માં)

# ગીતા મીમાંસા (લેખાંક : નવ)

**—સુર્યકાન્ત શાહ**

બુદ્ધ તો નીરીશ્વરવાદી ગણાયા છે છતાં શ્લોક : સાતની સમજુતીમાં સ્વામી પ્રભુપાદ ગૌતમ બુદ્ધની ગાડીમાં પણ બેસી જાય છે, અને જણાવે છે કે, 'જયારે ભૌતીકવાદ નીરંકુશપણે ફેલાયો હતો અને ભૌતીકવાદી લોકો વેદોનાં પ્રમાણના બહાને મનસ્વી વ્યવહાર કરતા હતા, ત્યારે બુદ્ધાવતાર થયો હતો.' એ બૌદ્ધ ધર્મ તો એવું જણાવે છે કે તેઓ વેદોનો વીરોધ કરે છે ! સ્વામી પ્રભુપાદ તો આગળ વધીને એવું જણાવે છે કે, 'ભગવાન બુદ્ધ તો (વેદમાં માન્ય વીશીષ્ટ કાર્યો માટે પશુબલી માન્ય હતું તે અંગેના) અનાચારને અટકાવવા તથા અહીંસાના વૈદીક સીદ્ધાંતની સ્થાપના કરવા અવતર્યા હતા.' એક બાજુ સ્વામી પ્રભુપાદ જણાવે છે કે વેદોમાં પશુબલી કરવું અનીવાર્ય હતું અને બીજી બાજુ ગૌતમ બુદ્ધની ભાટાઈ કરવા માટે એવું જણાવે છે કે અહીંસા તો વૈદીક સીદ્ધાંત છે ! આવી ઉટાંગપટાંગ વાતોને સાચી માનનારા દરેક ધર્મના ભકતોને ભોળા કહેવા કે મુર્ખ ! જે કોઈ અવતારોની વાર્તાઓ તૈયાર થઈ છે તે બધા જ ભારતમાં અવતર્યા હતા એવું નીર્વીવાદપણે જણાવવામાં આવ્યું છે. તેથી તો ભારતને પવીત્ર દેશ તરીકે આ લોકો ઓળખાવે છે. છતાં સ્વામી પ્રભુપાદ આ સમજુતીમાં આગળ જણાવે છે કે, 'ભગવાન માત્ર ભારત ભુમી પર જ પ્રગટ થાય છે તે સાચું નથી. તેઓ સર્વત્ર, ગમે ત્યાં અને જયારે જયારે તેમની ઈચ્છા થાય ત્યારે સ્વયં પ્રગટ થઈ શકે છે.' સ્વામી પ્રભુપાદે આ વીધાન કરતાં તો કરી નાંખ્યું, પરંતુ ભગવાનનો કયો અવતાર કયારે, કયા સ્વરૂપમાં ભારત બહારના કયા દેશમાં અવતરેલો તે જણાવવાની તસ્દી લીધી નથી !

હીન્દુ ધર્મ જણાવે છે કે ચોવીસ અવતારો છે. એમાં છેલ્લા કૃષ્ણ છે, પણ આગળ જોયું જ છે કે ધાર્મીક આગેવાનો મુળ ધર્મ અને તેના ગ્રંથના નામે પોતાને અનુકુળ સંપ્રદાય ચલાવતા હોય છે. એ જ પ્રમાણે સ્વામી પ્રભુપાદે કળીયુગમાં એક વધારાના અવતારનો શ્લોકઃ આઠની સમજુતીમાં ઉમેરો કર્યો છે, અને તે ચૈતન્ય મહાપ્રભુ ! હીન્દુ ધર્મના કોઈ મુળગ્રંથોમાં ચૈતન્ય મહાપ્રભુનો ઉલ્લેખ નથી તેથી વકીલની અદાએ સ્વામી પ્રભુપાદ જણાવે છે કે, 'ભગવાન ચૈતન્યને પ્રત્યક્ષ રીતે નહીં પણ ગુપ્ત રીતે ઉપનીષદો, મહાભારત તથા ભાગવતમ્ જેવા શાસ્ત્રોનાં ગુહ્ય અંશોમાં કૃષ્ણના અવતાર તરીકે વર્ણવ્યા છે !' આવી હરકતો દરેક ધર્મના આગેવાનો પોતાને અનુકુળ એવા લાભ ઉઠાવવા કરતા જ હોય છે. ખુબી એ છે કે

સ્વામી પ્રભુપાદ આવા એક પણ ગુપ્ત અંશને જણાવતા તો નથી જ ! આવી હરકતો સામે કોઈ ભકત એક ઉચ્ચાર પણ કરતો નથી એ બાબત વધારે દુઃખદ છે.

શ્લોક : અગીયારમાં કૃષ્ણ જણાવી જ દે છે કે એમને ખુશામત પ્યારી છે. તેઓ જણાવે છે કે, 'જેઓ જેવી રીતે મને શરણાગત થાય છે, તે પ્રમાણે જ હું તેમને ફળ આપું છું.' કોઈ પણ વેપારીને શરમાવે એવી આ ફળ આપવાની કૃષ્ણની રીત સ્પષ્ટ કરી જ દે છે કે વધારે ખુશામત કરશો તો વધારે ફળ મળશે ! ભગવાન પોતે આ રીતે ફળ આપવાની વાત કરે છે છતાં એમનાથી નીચેના સ્તરના દેવો માટે તેઓ શ્લોક : બારમાં જણાવે છે કે, ' આ જગતમાં મનુષ્યોને સકામ કર્મના ફળ જલદી પ્રાપ્ત થાય છે.' ભગવાન પોતે આ રીતે ફળ આપવાની વાત કરે છે છતાં એમનાથી નીચેના સ્તરના દેવો માટે તેઓ શ્લોક : બારમાં જણાવે છે કે, 'આ જગતમાં મનુષ્યો સકામ કર્મોમાં સીદ્ધી ઈચ્છે છે અને તેથી તેઓ દેવોને પુજે છે. નીઃસંદેહ આ જગતમાં મનુષ્યોને સકામ કર્મના ફળ જલદી પ્રાપ્ત થાય છે.' ભગવાને પોતાની ખુશામત કરનારને માટે 'શરણાગતી' શબ્દ વાપર્યો. જો બન્ને ભગવાન અને દેવ એમની કેટલી અને કેવી ખુશામત થાય છે તે પ્રમાણે જ બદલો આપવાના હોત તો ભગવાન અને દેવ વચ્ચે શુ તફાવત રહે છે ? વળી, ગીતાના આ શ્લોકમાં તો સ્પષ્ટ જણાવાયું છે કે સકામ કર્મના ફળ જલદી પ્રાપ્ત થાય છે. તો એની નીષ્કામ યોગની ગાઈ બતાવેલી વાતોનું શું સ્થાન રહયું ? શ્લોક : અગીયાર અને બાર સાથે વાંચતા ભગવાન અને દેવ વચ્ચે કોઈ તફાવત દેખાતો નથી, છતાં લોકો ભગવાનને બદલે દેવને પુજવાનું શરૂ નહીં કરી દે તેથી સમજુતીમાં સ્વામી પ્રભુપાદ દેવોનો ઉપાલંભ કરતા જણાવે છે કે, 'તેઓ (દેવોની ભકતી કરનારા) બધા જ વીષયભોગ પાછળ પડેલા રહે છે અને થોડાક ઈન્દ્રીયસુખ ખાતર તેઓ ભગવાનના નીમેલા જીવોની પુજા કરે છે કે જેમને દેવો કહેવામાં આવે છે.' આ શ્લોક સુચવે છે કે 'વીરલા લોકો જ કૃષ્ણભાવનામૃતમાં અભીરુચી ધરાવે છે. ઘણાખરા લોકો ભૌતીક સુખ ભોગવવામાં રસ ધરાવે છે. તેથી તેઓ કોઈ શકતીસંપન્ન જીવાત્માની પુજા કરે છે.' અહીં સવાલ એ ઊભો થાય છે કે ભગવાન દેવોને શા માટે પેદા કરે છે ? દેવોને પેદા કરીને ભગવાને પેટ ચોળીને શુળ ઊભું કર્યું દેખાય છે ! લોકો ભગવાનને પુજવાને બદલે દેવોને પુજવા માંડયા છે કારણ કે દેવો ઈન્સ્ટન્ટ સુખ આપી દે છે ! એવું જ ઈન્સ્ટન્ટ સુખ આપી દેવામાં ભગવાનને શું વાંધો છે ? ભગવાનની આ બધી ક્ષતીઓ છે કે જે છેવટે એમનું મહત્ત્વ ઓછું કરે છે ! રેશનાલીઝમ તો સ્પષ્ટ જ છે કે ભકતો ભગવાનની સંકલ્પનાને તર્ક અને હકીકતથી સાકાર કરી શકતા નથી તેથી સ્વામી પ્રભુપાદ જેવા ભકતો પણ સમજુતી આપતા આપતા પોતે જ ગુંચવાઈ જાય છે.

# માન્યતાને સત્ય નહીં માનો

**—નવનીતરાય રોય**

ઈશ્વરમાં માનવું તેને શ્રદ્ધા અને ભુતમાં માનવું તે અંધશ્રદ્ધા માનવામાં આવે છે. વાસ્તવીકતા એ છે કે, કોઈએ ભગવાન અને ભુતને જોયા નથી. (કોઈ દાવો કરતું હોય તો તે ચકાસવાની જરુર છે) તેમ જ બન્નેના અસ્તીત્વ બાબતે મતમતાંતરો છે. ઈશ્વરના તો સ્વરુપ બાબતે પણ એક મત નથી. કોઈ સગુણ સાકાર કહે જ્યારે કોઈ નીરંજન નીરાકાર સ્વરૂપની માન્યતા ધરાવે છે. આવી વીસંગત માન્યતા પ્રવર્તે છે.

તેમ છતાં આપણે આવી તર્કસંગત અને પ્રમાણભુત નથી, તેવી માન્યતા ઉપર આપણા જીવનની સામાજીક, આર્થીક જેવી અગત્યની બાબતો માટે પણ સંપુર્ણપણે અવલંબન રાખીએ છીએ. તે કેટલું યથાર્થ છે ? આપણે તેની વીવેકબુદ્ધી દ્વારા ચકાસણી કરતા જ નથી. માત્ર શ્રદ્ધાના માપદંડથી જ મુલવણી કરીને આપણા તમામ નીર્ણયો તેના આધારે કરીએ છીએ અને સફળતા માટે જશ આપીએ અને નીષ્ફળતા માટે આપણે કર્મ દોષ કે આપણને પોતાને દોષીત ઠરાવીએ છીએ.

જયારે આપણે આપણા પોતાના જીવન ઉપરાંત આપણી ઉપર આધારીત આપણા કુટુંબીઓના આર્થીક, સામાજીક અને તેમના સર્વાંગી વીકાસને સ્પર્શતી બાબતોનો નીર્ણય કરતા હોઈએ ત્યારે આપણી પાસે એક સ્પષ્ટ અને વૈજ્ઞાનીક રીતે સીદ્ધ થયેલ વીચારસરણી હોવી જોઈએ અને આવી બાબતો વીવેકબુદ્ધી અને વૈજ્ઞાનીક તારણો દ્વારા ચકાસવી જોઈએ તેવું મારું મંતવ્ય છે.

આ સંદર્ભમાં કેટલીક ઘટના ધ્યાને લઈને ચીંતન કરીએ.

(૧) કોઈ પ્રસીદ્ધ દેવ મંદીરે લાખોની સંખ્યામાં શ્રદ્ધાપુર્વક પગપાળા યાત્રાએ જતા લોકસમુહ ઉપર કોઈ વાહન ફરી વળતા પાંચ દશ કે તેથી વધુ યાત્રીકોના મૃત્યુ થયાનું તથા કેટલાક ઘાયલ થયાના સમાચારો આપપણે સાંભળીએ છીએ, **પદયાત્રીઓ જે દેવની યાત્રાએ જતા હોય તેમની દેવ દ્વારા તેમની રક્ષા કેમ ન થઈ ? આવો પ્રશ્ન થવો સ્વાભાવીક છે.**

(૨) મંદીરોમાંથી દેવોની કીંમતી મુર્તીઓની અને કીંમતી અલંકારો, ચીજ વસ્તુઓની થતી ચોરીના સમાચારો રોજબરોજની ઘટના છે. દૈનીક સમાચાર પત્રોમાં આવી ઘટના પ્રકાશીત થતી જ હોય છે. જે આપણે વાંચીએ છીએ.

(૩) દેશ કે રાજયના કોઈ મોટા ગજાના નેતાશ્રીઓ કે મંત્રીશ્રીઓ કોઈ દેવ મંદીરે

દર્શનાર્થે જતા હોય છે ત્યારે મંદીર પરીસરમાં ચુસ્ત બંદોબસ્ત કરવામાં આવે છે. તે આપણે તાદશ્ય જોયું છે.

ઈશ્વરને તો સર્વોપરી સમર્થ (Almighty) માનવામાં આવે છે, તો જયારે સર્વોપરી સમર્થ શકતીના આશ્રયમાં હોઈએ ત્યારે આવી માનવીય સુરક્ષા વ્યવસ્થાની કેમ જરુર રહે છે ? આમાં તો બે જ બાબત સંભવી શકે, કાં આપણી દેવ પરની શ્રદ્ધા દઢ નથી અથવા આપણને શંકા છે કે, દેવ રક્ષા કરવા સમર્થ નથી. શું સત્ય છે ? તેનો ઉત્તર વાંચક જ નકકી કરે.

આપણાં અનુભવમાં આવ્યું છે ત્યાં સુધી મંદીરના દેવની સ્વયંની માનીતી કે, કીંમતી વસ્ત્ર, અલંકારોની મંદીરમાં પ્રતીષ્ઠીત દેવ મુર્તી દ્વારા રક્ષા થઈ હોય તેવું કયાંય પ્રત્યક્ષ જોવા મળતું નથી. જો થતી જ હોય તો ચોરી થઈ શકે ખરી ? તેવો પ્રશ્ન જરૂર ઉદ્‌ભવે.

જે દેવનાં કીંમતી આભુષણો, દેવ મુર્તી અને મંદીરની રક્ષા માનવ સર્જીત વ્યવસ્થાથી થાય છે તે દેવ દ્વારા આપણાં દુઃખ દર્દ અને આપણાં તમામ કાર્યોની સીદ્ધી અને આપણી રક્ષા થશે તેવી શ્રદ્ધા સાથે રાખવા અને તે માટે જુદી જુદી ધાર્મીક વીધી કરાવવા આપણા ધર્મ ગુરુઓ આપણને જ્ઞાન અને સમજણ આપે છે અને આપણે પણ તે દેવ મંદીરમાં આપણા કલ્યાણની અને આપણી રક્ષા કરવાની પ્રાર્થના બાધા, માનતા કે આખડી કરવા જતા હોઈએ છીએ, જે તર્કબદ્ધ સત્ય ગણી શકાય ખરું ?

આપણી માનસીકતા હંમેશાં આપણને ગમતું, આપણને લાભપ્રદ રહે, તેવુ તાત્કાલીક પરીણામ મેળવવાની રહી છે. એટલે જ આપણને કહેવાતા ચમત્કારનું આકર્ષણ પ્રબળ પ્રમાણમાં રહે છે. વાસ્તવીકતા તરફ આપણું ધ્યાન જતુ નથી કે આપણે તે દીશામાં જોવાની કે વીચારી જ ન શકીએ તે રીત આપણી ધાર્મીકતા માન્યતા દ્વારા ગુમરાહ થઈએ છીએ.

વાસ્તવીકતા એ છે કે, કોઈપણ પરીસ્થીતી કયારેય રાતોરાત બદલાતી નથી. માત્રને માત્ર કુદરતી રીતે નીર્ધારીત સમયાવધી મુજબ કે કુદરતી ઘટનાક્રમ મુજબ જ ઘટના ઘટે છે. **કોઈપણ આશીર્વાદ, કોઈ તાવીજ, માદળીયા કે કહેવાતી ચમત્કારીક વસ્તુઓ તાંત્રીક**

---

ભારતમાં હજી ૧૬–૧૭ વર્ષની સગીર બાલીકાઓનાં લગ્ન મોટા પ્રમાણમાં થાય છે. અઢાર વર્ષથી ઓછી ઉંમરની વીશ્વમાં પરણેલી બાલીકાઓની ૪૭ ટકા જેટલી બાલીકાઓ ભારતમાં છે. ભારતમાં જે કુલ લગ્નો થાય છે તેમાંના ૬૦ ટકા લગ્નો ૧૬–૧૭ વર્ષની સગીરાઓ સાથે થાય છે.

# દુર્ગાપુજાનું રહસ્ય

**—એન. વી. ચાવડા**

દુર્ગાનો અર્થ થાય છે દુર્ગનું રક્ષણ કરનારી. (દુર્ગ એટલે કિલ્લો) આર્યોએ ભારત ઉપર આક્રમણ કર્યું ત્યારે ભારતની મુળ નીવાસી પ્રજા મોહન–જો–દડો અને હડપ્પા જેવા આધુનીક વૈજ્ઞાનીક સુખ–સગવડોવાળાં નગરો, કીલ્લાઓ અને દુર્ગોમાં વસતી હતી. ભારતના પુરુષો જયારે વીદેશી આર્યો સામે યુદ્ધના મેદાનમાં જતા ત્યારે આર્યો દ્વારા નગરો ઉપર પીઠ પાછળ હુમલા થતા ત્યારે નગરનું રક્ષણ ભારતની સ્ત્રીઓ કરતી. આવી લડાઈઓમાં મૃત્યુ વહોરનાર બહાદુર સ્ત્રીઓનું મરણોત્તર માન–સન્માન–પુજન શરુ થતું. એવી મર્દાના સ્ત્રીઓને દુર્ગા, ચંડી, ચામુંડા, શકતી, કાલી, મહાકાલી, ઉમા, પાર્વતી વગેરે જેવા અનેક પરાક્રમોચીત નામોથી મરણોત્તર પુજાતી. ઋગ્વેદની ૫/૩૦/૯ મી ઋચામાં ઉલ્લેખ છે કે 'નમુચી નામના દાસે પોતાના રાજયની સ્ત્રીઓને આર્યો સામે યુદ્ધે ચડવા સજ્જ કરેલી.' (આર્યો ભારતના મુળ નીવાસી પ્રજાને દાસ અથવા દસ્યુ પણ કહેતા.) ઋગ્વેદનું આ વીધાન દર્શાવે છે કે ભારતના લોકો અર્થાત્ આપણા પુર્વજોએ આર્યો સામે યુદ્ધ કરવા માટે આપણા પુર્વજ માતાઓને પણ યુદ્ધના મેદાનમાં ઉતારેલી. ઉપરાંત અનેક સ્ત્રીઓ સ્વેચ્છાએ પણ યુદ્ધમાં ઝંપલાવેલું હોઈ શકે. આર્યો સામેનાં યુદ્ધોમાં વીરતાથી મૃત્યુ વહોરી લેનારી યા લડીને જીત મેળવનારી સ્ત્રીઓની દસ્યુઓ મરણોત્તર પુજાઓ કરતા હોય તે સ્વાભાવીક છે.

૫૦૦૦ વર્ષ પુરાણી સીંધુઘાટીની સંસ્કૃતીના અવશેષો સ્પષ્ટરુપથી દર્શાવે છે કે ભારતની તે સમયની પ્રથામાં સ્ત્રી–પુરુષ સમાનતા હતી, એટલું જ નહીં, પરંતુ, ભારતીય સમાજ માતૃપુજક પણ હતો. ભારતીય પ્રજા માતૃપુજક હોવાના પ્રબળ પુરાવા આપના માતાઓના મંદીરો આજે સમગ્ર ભારતનાં તમામ ગામો અને શહેરોમાં ઠેરઠેર જોવા મળે છે. ઉપરાંત નવરાત્રી અને દુર્ગા મહોત્સવો પણ તેની સબળ સાક્ષી પુરે છે, જે દર્શાવે છે કે ભારતની પ્રજા સ્ત્રીને માતા અને શકતી માનતી હતી. બીજી બાજુ આર્યો સ્ત્રીને માત્ર દાસી અને એક ચીજ–વસ્તુ માનતા હતા. જેના પ્રબળ પુરાવા આર્યોએ લખેલ સ્મૃતીઓ અને પુરાણોમાં સર્વત્ર જોઈ શકાય છે.

ભારતના લોકો કાળાં હતા (અને આર્યો ગોરા હતા) તેથી યુદ્ધમાં બલીદાન આપનારી આપણી માતાને કાલી અથવા કાલીકા અથવા મહાકાલી કહેવામાં પણ આવી હોય એવું બનવા જોગ છે. આર્યો અને અનાર્યોના દેવી–દેવતાઓ કોઈ અલૌકીક અને ચમત્કારીક દેવી–દેવતા નથી, પરંતુ એ દેવ–દેવતાઓ બન્નેના પુર્વજો છે. બન્નેએ પુર્વજોને જે દેવી–દેવતા તરીકે

માન્યા છે અને પુજયા છે. અર્થાત્ આ દેવી–દેવતાઓ માનવો છે. તેઓ કોઈ શકતીશાળી, સર્વજ્ઞ, સર્વસમર્થ અને પારલૌકીક તત્વો હરગીઝ નથી. તેથી એમની પુજા–પ્રાર્થના–અર્ચના કરવાથી તેઓ મનવાંચ્છીત ફળો આપી દેશે એવું માની લેવું એ અજ્ઞાન છે તથા ગંભીર ભુલભરેલી અને હાનીકારક બાબત છે.

આપણાં પુરાણોમાં વર્ણવવામાં આવેલ અવતારવાદ, વર્ણવ્યવસ્થા, પુનર્જન્મ અને શાપ–આશીર્વાદની કથાઓ, પ્રારબ્ધ, ભાગ્યવાદ, ગુરુવાદ અને ચમત્કારવાદે આપણને અંધશ્રદ્ધાળું, પલાયનવાદી, કર્મણ્ય, પ્રમાદી, કાયર અને ભ્રષ્ટાચારી બનાવ્યા છે જેને કારણે આપણે બે હજાર વર્ષ સુધી વીદેશીઓના ગુલામ રહયા હતા. પુરાણોનો કાલ્પનીક ઈતીહાસ સાંભળી–સાંભળીને આપણે આપણો સાચો ઈતીહાસ ભુલી ગયા છીએ યા આપણને આપણો સાચો ઈતીહાસ ભુલાવી દેવામાં આવ્યો છે. ઉપરાંત આ પુરાણની કથાઓએ આપણને ધર્મ અને ઈશ્વરને નામે ધંધો કરનારાઓના હાથે તન–મન–ધનથી લૂંટાવા માટે કાયમ મજબૂર કર્યા છે. તેથી જ સ્વામી દયાનંદ સરસ્વતીએ પુરાણોને પોતાના પાપી પેટ ભરવા માટેની પંડીતોની પાપલીલા તરીકે તેની કઠોર શબ્દોમાં નીંદા કરી છે. તેમજ સ્વામી વીવેકાનંદજીએ પુરાણો અને સ્મૃતીઓને સીમીત અને સ્વાર્થી બુદ્ધીવાળાઓની રચના તરીકે વર્ણવેલ છે.

## મટકીફોડ અને કટકીનો તોડ...!

–દીનેશ પાંચાલ

ગુજરાતભરમાં જન્માષ્ટમીની રાત્રે કૃષ્ણ ભકતો લાખો મટકી નાહક ફોડી નાંખે છે. જો તેઓ એ મટકીનો ગરીબોને વહેંચી દે તો તેમનું એ મટકીફોડ અભિયાન કલ્યાણમાર્ગી ગણાઈ શકે, પરંતુ જયાં સુધી ધર્મગુરુઓનાં મુખે એવો ઉપદેશ વહેતો નહીં થાય ત્યાં સુધી મોંઘા માટલા ફૂટતા રહેવાના છે. ઘણીવાર યુવાનોમાં મટકી ફોડવા અંગે ઝઘડા થાય છે, અને મટકી ભેગા માથાય ફુટે છે. એકવીસમી સદીમાં પણ મટકી અને કટકી બન્ને સલામત છે. પશ્ચીમના લોકો કર્મમંત્રને અપનાવી ચંદ્ર અને મંગળ પર પહોંચી ગયા. આપણે રાશી, ભવીષ્ય, રાહુ–કેતુ, શની, મંગળ અને ચોઘડીયાના ચકકરમાં અટવાઈ પડયા. કેટલાંક તો વળી સવારે દોઢ કલાક ગીતા વાંચે અને ખીસામાંય નાની ગીતા રાખે. બસમાં, ગાડીમાં, જયાં સમય મળે ત્યાં એકાદ બે શ્લોક વાંચી લે. બીજી તરફ અનીતી આચરવાની એક પણ તક તેઓ ચુકતા નથી. તેઓ રોજ મંદીરની ફરતે સાત વાર પ્રદક્ષિણા ફરે છે પણ ઓફીસોમાં ટેબલ નીચેથી દક્ષીણા લેવાનું ય ચૂકતાં નથી. આ દેશમાં વર્ષોથી 'પ્રદક્ષીણા' અને 'દક્ષીણા'ની જબરી જુગલબંધી ચાલે છે.

# કુર્આન વીજ્ઞાનની કસોટીએ

—સુર્યકાન્ત શાહ

તા. ૧૫/૪/૧૩ના 'સત્યાન્વેષણ'ના અને તે પુર્વેના અંકોમાં જ્યારે જ્યારે સાજીદખાને એમનું લખાણ મોકલ્યું છે ત્યારે તે પુરું પ્રસીદ્ધ કર્યું છે. આથી સ્થળસંકોચનું કારણ રજુ કરી સાજીદખાન ચર્ચાને ટુંકાવે નહીં તેવી અપેક્ષા છે. ઉપરાંત અત્યાર સુધીના એમના બધા પત્રોનો 'સત્યાન્વેષણ'માં સમાવેશ થયો હોય તો સાજીદખાને તા. ૧૫/૪/૧૩ના 'સત્યાન્વેષણ'ના અંકમાં પ્રસીદ્ધ થયેલા એમના ખુલાસાના અંત ભાગમાં હું કે તંત્રીમંડળ એમના પત્રનો સમાવેશ કરવા અંગે એમણે દહેશત વ્યકત કરવાની જરુર નહોતી.

આ જવાબમાં સાજીદખાને ચોખવટ કરી છે કે 'કુર્આન કોઈ Science નું પુસ્તક નથી.' એ કુર્આન પર આધારીત ઈસ્લામ ધર્મ પણ સાયન્ટીફીક – વૈજ્ઞાનીક હોય નહીંતે સ્વાભાવીક છે. 'રમણ–ભ્રમણ' વ્યાખ્યાનમાળા'માં નગીનદાસ સંઘવીએ ઈસ્લામ ધર્મ સ્વીકારવાની પોતાની ઈચ્છા વ્યકત કરી તેના પ્રતીભાવ સ્વરૂપ મેં 'સત્યાન્વેષણ'ના ૧૫–૯–૧૨ના અંકમાં જણાવેલું કે સંઘવીએ અવૈજ્ઞાનીક એવા ઈસ્લામ ધર્મ અંગીકાર કરવાની ઈચ્છા વ્યકત કરી હતી. ભાઈશ્રી સાજીદખાનને મારા આ વીધાન સામે વાંધો પડયો. એમણે કેટલાક સવાલો કરતો પત્ર લખ્યો કે જે ડીસેમ્બર '૧૨ ના 'સત્યાનવેષણ'માં પ્રસીદ્ધ થયો. આ સવાલો પુછીને તેઓ એવું જણાવવા માંગતા હતા કે ઈસ્લામ અવૈજ્ઞાનીક નથી. હવે એપ્રીલ–૨૦૧૩ના અંકમાં પ્રસીદ્ધ થયેલ તેમના પત્રમાં તેઓ સ્વયંભુ જ ચોખવટ કરે છે કે કુર્આન કોઈ Science નું પુસ્તક નથી. સાજીદખાનની આટલી ચોખવટ પુરતી છે. કુર્આન સાયન્સ સીવાયનું કોઈ પણ પુસ્તક હોઈ શકે એની સાથે અત્યારની ઉપડેલી ચર્ચાને સંબંધ નથી. સંઘવી કે એવી કોઈપણ વ્યકતી સ્વેચ્છાએ ઈસ્લામ સ્વીકારે તે એમની મુનસફી છે. મારો મુદ્દો તો એટલો જ છે કે ઈસ્લામ ધર્મ વૈજ્ઞાનીક નથી. એ સંપુર્ણ અવૈજ્ઞાનીક છે. સાજીદખાને એ બાબતનો એમની ચોખવટમાં સ્વીકાર કર્યો છે તે એમની ખેલદીલી છે. એમણે સત્યનો સ્વીકાર કર્યો તો હવે આગળ વધીને ઈસ્લામની બીજી ઘણી અધુરપ અને માનવવીરોધી વાતોને સમજવાનો પ્રયાસ કરશે એવી આશા. એવો પ્રયાસ તેઓ નહીં કરે તો તે પણ એમની મુન્સફી છે. એમણે કુર્આન સાયન્સનુ પુસ્તક નથીની ચોખવટ કરી તેથી મને આશા બંધાઈ છે કે તેઓશ્રી તેવા પ્રયાસ કરશે.

સાજીદખાને કુર્આન સાયન્સ નથીની ચોખવટ કરી લીધા બાદ એમણે ઉઠાવેલા અન્ય મુદ્દાઓ પર આગળની ચર્ચાને અવકાશ રહેતો નથી. આ ચર્ચા બંધ કરવાનો મારો કે

તંત્રી મંડળનો મુદ્લે ઈરાદો નથી. કુર્આન સાયન્સ હોવાનો જો કોઈ મુદ્દા હવે પછી પણ સાજીદખાનના ધ્યાનમાં આવે તો તે તેઓ જરુર બેધડક ''સત્યાન્વેષણ'' ના પાને આવે. અમારું એમને કાયમનું આમંત્રણ છે. સાજીદખાને કોલેજનો થોડો અભ્યાસ કર્યો છે. ખુબ વાંચે છે, મનન કરે છે. પોતાના વીચારોને અભીવ્યકત કરે છે. આથી હવે પછીના ચીંતન મનનમાં પણ એમને કોઈ એવો મુદ્દો મળી પણ આવે કે જે કુર્આન સાયન્સ હોવાનું પ્રતીપાદીત કરે તો તેવા પ્રસંગે તેઓ વૈજ્ઞાનીક પદ્ધતીથી કુર્આન સાયન્સ હોવાનું પુરવાર કરશે તો તે જાણીને સૌને આનંદ થશે.

# રેશનાલીઝમ વીશે કાર્લ પોપર

—અશ્વીનકુમાર ન. કારીઆ

જયારે રેશનાલીઝમ વીશે કાંઈ વાત કરું છું ત્યારે અનુભવવાદ (empiricism) અને બુદ્ધીવાદ (intellectualism) બંને અર્થોમાં હું આ શબ્દ પ્રયોજું છું. જે રીતે વીજ્ઞાન પ્રયોગો અને વીચાર બંને પ્રયોજે છે તે રીતે. બીજું કે રેશનાલીઝમ શબ્દ એવા અભીગમનો નીર્દેશ કરે છે કે જે તર્ક એટલે કે સ્પષ્ટ વીચાર અને અનુભવથી શકય તેટલી સમસ્યાઓનો ઉકેલ સુચવે છે અને જે લાગણીઓ અને આવેગોને સમસ્યાના ઉકેલમાં સ્પર્શતો નથી. આપણે એમ કહી શકીએ કે રેશનાલીઝમ એ આલોચનાત્મક દલીલો અને અનુભવમાંથી શીખવાની તૈયારીનો અભીગમ છે. મુળભુત રીતે 'હું ખોટો હોઈ શકુ. તમે સાચા હોઈ શકો' નો સ્વીકાર કરતો અભીગમ છે. આ અભીગમ એમ સુચવે છે કે પ્રયત્નોથી આપણે સત્યની વધુ નજીક જઈ શકીએ. આ એવો અભીપ્રાય છે કે જે સહેલાઈથી એવી આશા ત્યજી દેતો નથી કે દલીલ અને કાળજીપુર્વકનાં નીરીક્ષણથી લોકો અગત્યની સમસ્યાઓ પર સમજુતી સાધી શકે. જયારે લોકોની જરૂરીયાતો અને તેમના હીતો વચ્ચે સંઘર્ષ હોય ત્યારે વીવીધ દરખાસ્તો પરની દલીલો શકય છે અને તેથી લવાદીની મધ્યસ્થી દ્વારા એવા સમાધાન પર પહોંચવું શકય છે કે જે બધાને નહીં તો યે મોટા ભાગનાને સ્વીકૃત હોય. ટુંકમાં રેશનાલીસ્ટ અભીગમ, હું તેને વાજબીપણાના અભીગમનું નામ આપીશ, વૈજ્ઞાનીક અભીગમ, જેવો જ છે. સત્યની શોધમાં આપણને સહકારની જરુર છે, અને દલીલની મદદથી આપણે સમયસર વસ્તુલક્ષીતા સીદ્ધ કરી શકીએ તે પ્રકારનો અભીગમ છે.

---

જયારે કુતુહુલવશ સવાલો શ્રદ્ધાનું સ્થાન લે છે ત્યારે વ્યકતી રેશનાલીઝમના રાહે જવાનું શરુ કરે છે.

# વાચકોના મીતભાષી અભીપ્રાયો

* રાકેશ ધીવર – 'સત્યાનવેષણ' વાંચવાથી તથા યોગ્ય અમલીકરણથી સૌથી વધુ લાભ મને થયો છે એમાં કોઈ શક નથી.

અમારા સમાજના લોકોને તેઓ 'સત્યાન્વેષણ'ના વીચારો સમજાવવા તો ઠીક તેમની સામે રજૂ કરવા પણ મુશ્કેલ છે કારણ કે તેઓ તેમના સેટ માઈન્ડમાં કોઈ પણ પ્રકારનો ફેરફાર કરવા તૈયાર નથી ઉલટાનું આપણને સાચી વાતોમા ખોટા પાડે. પરીવર્તનની હવા દ્વારા સમાજમાં પરીવર્તન આવી શકે, પરંતુ સમાજમાં અપ્રીય થવાના દરથી અને પોતાનો હોદ્દો જાળવી રાખવા માટે લોકોને ગમે તેવી જ પ્રવૃત્તીઓ થાય. કોઈની ભુલ કાઢવા કરતાં આપણે (હું) અંધશ્રદ્ધામાંથી મુકત થઈશ. અન્યોને તે માટે પ્રેરવાનું બંધ કર્યું છે. 'સત્યાન્વેષણ'ને અભીનંદન કે જેના થકી હું અંધશ્રદ્ધામાંથી મુકત થઈ શકયો, મને ભવીષ્યમાં પણ 'સત્યાન્વેષણ'નો લાભ મળતો રહે એવી આશા.

* શાંતી મહેતા, વાપી – સંદર્ભ : 'સત્યાન્વેષણ' ૧૫ ડીસે.'૧૨ના અંક પાના ૧૯ થી ૨૩ વાંચકોના મીતભાષી અભીપ્રાયો અંતર્ગત સુરતના સાજીદખાન મહેરબાની કરીને જણાવે કે સર્જનહાર/અલ્લાહનું સર્જન કોણે કર્યું ? કેવી રીતે કર્યું ? કયાં કર્યું ? કયારે કર્યું ?

* ફકીરભાઈ વણકર, સમી, જી. પલસાણા– ''રમણભ્રમણ સુવર્ણ ચંદ્રક'' તેમજ અન્ય લેખોની વીગતો વાંચી આનંદ થયો.

* સુરેન્દ્ર પારેખ, વલસાડ – ભારતમાં જેટલા પણ તહેવાર છે એ બધાની પાછળ કોઈને કોઈ પુરાણ કથા જોડાયેલી હોય છે. હોળીના તહેવારમાં મનોવીજ્ઞાનની ગુટી પીવડાવવામાં આવી છે. હોળીની કથાનું પ્રતીક જોઈએ તો હીરણ્યકશ્યપુ પીતા છે. પીતા બીજ છે. પુત્ર પ્રહલાદ એનો અંકુર છે. હીરણ્યકશ્યપુ જેવા દુષ્ટાત્માને પણ ખબર નથી કે તેના ઘરે ભકત પેદા થશે. નાસ્તીકના ઘરે આસ્તીક પ્રગટ થયો અને હીરણ્યકશ્યપુ ગભરાઈ ગયો. શંકાનું જયાં રાજ છે, ત્યાં ભીડ જોવા મળે છે. શ્રદ્ધાની કેડી પર તમે એકલા પડી જાવ છો. શંકાની

ક્ષમતા ફકત વીધ્વંસની છે. સર્જનની નથી. જયારે શ્રદ્ધા સર્જન કરી શકે છે. ભારતની પ્રાચીન સંસ્કૃતીના હાર્દને કયારે સમજીશું ?

* સુરેશ પટેલ, ગઢસીસા (જી. કચ્છ) : તમારી સમાજઉપયોગી પ્રવૃત્તી બદલ અભીનંદન પાઠવું છું. નડીયાદથી જેરામ જે. દેસાઈ પ્રકાશીત દળદાર પુસ્તક 'નીષેધ' માંનાં તમારા તથા સૌના સરનામે પત્રો લખ્યા છે. હું પણ મારી તબીબી નોકરી સાથે દર્દીઓને સમજાવતો રહું છું. ગામડાઓમાં પ્રવચન માધ્યમે જાણકારી આપું છું. વ્યકતીગત રેશનાલીસ્ટ પ્રવૃત્તી ચલાવું છું.

* અબ્દુલ વકાની, અંકલેશ્વર : વીષય : સુરતના સાજીદખાનને જવાબ તથા ચેલેન્જ (જાહેરમાં પડકાર) : નીચેનામાંથી ગમે તે એકને વીજ્ઞાનથી કે અનુભવ–પુરાવાથી સાચું (સત્ય) પુરવાર કરીને રૂા. ૨ લાખનું ઈનામ ગમે ત્યારે જીતો–મેળવો. આમંત્રણ છે.

(૧) વીશ્વમાં એક પણ ધાર્મીક ગ્રંથ સ્વર્ગીય–ઈશ્વરીય (ગોડ દ્વારા પ્રસીદ્ધ) નથી. (૨) વીશ્વના બધા ધાર્મીક ગ્રંથો, પવીત્ર ધાર્મીક ગ્રંથો, પવીત્ર ધાર્મીક સ્થાનો, સમાચારપેપરો, TV ચેનલો ઉપર જાહેર કરેલ, લખેલ કહેવાતા કરોડો ચમત્કારો પરચાઓ ૧૦૦%ખોટા (જુઠા) ઉપજાવી કાઢેલા (બનાવટી) છે. માટે આ કરોડો જાદુ ચમત્કારો વ.માંથી ગમે તે બે જાદુ–ચમત્કાર આજે જાહેરમાં કરી બતાવીને (બનાવટ કર્યા વગર) (૧) પૃથ્વી, આકાશ વ. (૨) God - અલ્લાહે પ્રથમ આદમ (પુરૂષ) પેદા કર્યો પછી આદમની પાંસળીમાંથી ઔરત (હવા)ને પેદા કરી. (૩) કયામતના દીવસે કબરમાંના મુસ્લીમો (શબ)ને સવાલોના જવાબો આપવા પડશે. (૪) એકમાત્ર પાણી $H_2O$ માંથી સજીવ પેદા થાય છે (થયો છે) (૫) એમનો સર્જનહાર (God-ખુદા) એમની નીશાની ચમત્કાર બતાવે છે (બતાવશે) (૬) અલ્લાહે માટીના સત્યમાંથી મનુષ્ય–માનવને પેદા કર્યો છે. (બનાવ્યો છે).

* ધીરુ મીસ્ત્રી, વડોદરા : 'ટાઈમ્સ ઓફ ઈન્ડીયા'ના સ્પીકીંગ ટ્રી કોલમમાં શ્રી ભારતેન્દુ સુદનો એક લેખ વીવેકબુદ્ધીવાદને બળ પુરુ પાડનાર છે. વીશ્વમાં સૌથી શ્રેષ્ઠ ફીલોસોફી વીવેકબુદ્ધી અને સત્ય છે. વીચારીને સત્યને પામવું એ જ જીવન જીવવાનો ઉત્તમ માર્ગ છે. આ માટે વીશ્વના એ વીચારકોએ (બુદ્ધ અને સ્વામી દયાનંદ સરસ્વતી) નોંધ્યું છે કે

વર્ષોથી ચાલી આવતી પરંપરાને સ્વીકારવી યોગ્ય નથી. આવી ચીલાચાલુ માન્યતાઓ સમાજને ગેરમાર્ગે અને અંધશ્રદ્ધામાં ધકેલે છે. માનસીક વીકાસને કોઈ રુંધનારાં પરીબળો હોય તો, જે છે તેને માની લેવામાં, જે માનનારા હોય, અને વીવેકબુદ્ધીથી તેને ચકાસે નહીં એવાં પરીબળો બંધીયાર ખાડા જેવા હોઈ તકલીફો અને દુઃખને નોતરે છે.

* એન. વી. ચાવડા, કડોદ : 'જેમ હું ઈશ્વર છે એમ સાબીત કરી શકતો નથી, તેમ ઈશ્વર નથી એમ પણ સાબીત કરી શકતો નથી.' એવા બર્ટ્રાંડ રસેલના વીધાનનો ઉત્તરાર્ધ લઈને નવેમ્બર–૨૦૧૨ના 'સત્યાન્વેષણ'માં વાચકોના મીતભાષી અભીપ્રાયમાં વલસાડના સુરેન્દ્ર પારેખ જો એમ કહેવા માગતા હોય કે રેશનાલીસ્ટોએ ઈશ્વરના અસ્તીત્વનો ઈન્કાર ન કરવો જોઈએ અથવા તો સચોટ પુરાવો ન મળે ત્યાં સુધી રેશનાલીસ્ટોએ રાહ જોવી જોઈએ. અર્થાત્ ત્યાં સુધી રેશનાલીસ્ટોએ ઈશ્વરનો ઈન્કાર કરવાની ઉતાવળ નહી કરવી જોઈએ, પરંતુ ત્યારે તેની સામે પ્રશ્ન એ ઉપસ્થીત થાય છે કે તો પછી બર્ટ્રાંડ રસેલના ઉપરોકત વીધાનનો પુર્વાર્ધ લઈને સુરેન્દ્ર પારેખ આસ્તીકોને પણ ત્યાં સુધી ઈશ્વરની પુજા–પ્રાર્થના, ઈશ્વરની કથા–પારાયણો અને ઈશ્વરના મંદીરો–મુર્તીઓનું નીર્માણ વગેરે ન કરવાની શીખામણ આપવી જોઈએ કે નહીં ? સુરેન્દ્ર પારેખ ઈશ્વરના પ્રચારકોને એવી શીખામણ આપે છે ખરા ? શા માટે નથી આપતા ?

વાસ્તવમાં સુરેન્દ્ર પારેખે નાસ્તીકો કરતા આસ્તીકોને શીખામણ આપવાની વધારે જરુર છે કારણ કે બળવાન આસ્તીકો ઈશ્વરને નામે નીર્બળ આસ્તીકોનું તન–મન–ધનથી સાર્વત્રીક શોષણ કરી રહયા છે. રેશનાલીસ્ટો તો આ નીર્બળ આસ્તીકોને બરબાદ થતાં બચાવવા માટે જ (નહીં કે ધન કમાવા માટે) ઈશ્વરનો ઈન્કાર કરી રહયા છે. તેથી રેશનાલીસ્ટોને એવા સલાહ–સુચનની કોઈ જ આવશ્યકતા નથી.

સુરેન્દ્ર પારેખ બુદ્ધી અને વ્યકતીગત જ્ઞાનની મર્યાદાની વાત કરે છે ત્યારે પ્રશ્ન એ ઉપસ્થીત થાય છે કે શું બુદ્ધી અને જ્ઞાનની મર્યાદા કેવળ રેશનાલીસ્ટોમાં જ હોય છે અને આસ્તીકોમાં નથી હોતી ? તાત્પર્ય એ છે આસ્તીકોમાં પણ બુદ્ધી અને જ્ઞાનની મર્યાદા હોવાથી તેઓ કહેવાતા અખંડ, અનાદી સર્વવ્યાપી, અનંત, સર્વના અને સર્વસમર્થ ઈશ્વરને જાણી–માણી–પ્રમાણી શકે જ નહીં. અર્થાત્ આસ્તીકો ઈશ્વર વીશે જે જાતજાતની ચમત્કારીક વાતો કરી રહયા છે તે બધી તેમની બુદ્ધી અને જ્ઞાનની મર્યાદાની નીપજ હોવાથી તે કાલ્પનીક અને નીરાધાર અફવાઓ માત્ર છે. કેટલાક આસ્તીકો તો ઈશ્વરના અવતારો અને સાક્ષાત પરબ્રહ્મ છે ! પરમેશ્વરો બનીને મોજમજા માણી રહયા છે તેમને સુરેન્દ્ર પારેખ તેમની બુદ્ધી અને જ્ઞાનની મર્યાદાની વાત સમજાવવા જશે ખરા ?

આ જગત  અદ્‌ભુત અર્થાત્ સુવ્યવસ્થીત અને ખુબસુરત છે એવી માન્યતા પણ એકાંગી દ્રષ્ટીની નીપજ છે. વાસ્તવીકતા એ છે કે આ જગત જેવું ખુબસુરત દેખાય છે એટલું જ બદસુરત પણ છે, પરંતુ જેણે બીજી આંખ ઘરાર મીંચી દીઘી છે તેને માત્ર પોતાનું મનગમતું અર્ઘું જ જગત દેખાય છે. તેથી જ બર્ટ્રાંડ રસેલે સ્પષ્ટ કહયું છે કે આ જગત કોઈ શયતાને બનાવ્યું છે એમ જો કોઈ કહે તો તે હું માનવા તૈયાર છું, પરંતુ જો કોઈ એમ કહે કે, આ જગત કોઈ ન્યાયી અને દયાળુ ઈશ્વરે બનાવ્યું છે તો તે માનવા હું જરાય તૈયાર નથી.

## સત્યશોઘક સભાના સત્યશોઘન માટેના પ્રયત્નો

(૧) સત્યનામ્ કબીરપંથ સમાજ સેવા અને વિકાસ ટ્રસ્ટ, ભોજેલા, તા. ફત્તેહપુરા, જિ. દાહોદ મુકામે મંદીરના ભુમીપુજન નીમીત્તે ત્રીદીવસીય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આચાર્યશ્રી અર્ઘનામ સાથે ગુરૂશ્રી રામદાસજીની ઉપસ્થીતીમાં સત્યશોઘક સભાના ચમત્કારોના નીદર્શનના કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મંત્રીશ્રી સીદ્ધાર્થભાઈ દેગામીએ ઢોંગી ઘંટીબાબાનું આબેહુબ સ્વરુપ લઈ શ્રોતાજનો વચ્ચેથી પ્રવેશ લીઘો હતો. જયારે સહમંત્રીશ્રી ગુણવંતભાઈ ચૌઘરીએ વીજ્ઞાન અને વૈજ્ઞાનીક અભીગમનું મહત્ત્વ સમજાવતા ઢોંગી બાબાને ખૂલ્લો પડકાર આપ્યો હતો. આ પડકાર ઝીલી ઢોંગી બાબાએ ત્રીશુલમાંથી પાણી કાઢવું, ખાલી કપમાંથી પાણી કાઢવું, શ્રીફળ ઉપર દીવો પ્રગટાવવો, શ્રીફળમાંથી કંકુ, ચોખા, ચુંદડી કાઢવી, ખાલી હાથમાંથી કંકુ કાઢી વહેંચવા જેવા કહેવાતા ચમત્કારારુપી પ્રયોગો બતાવ્યા હતા. અંતે એક જાગૃત યુવાને સ્ટેજ ઉપર આવી ઘંટીવાલા બાબાએ શરીરમાં છુપાવેલી ઘંટીના રણકારનો પર્દાફાસ કરી લોકો સમક્ષ ઢોંગી બાબાનો પર્દાફાસ કર્યો હતો. આ દ્રષ્યથી જનસમુહ આશ્ચર્યચકીત થઈ ગયું હતું.

શ્રી ગુણવંતભાઈ ચૌઘરીએ દેગામી સાહેબનો સાચો પરીચય આપી, તેમના દ્વારા ચમત્કાર સ્વરૂપે બતાવાયેલા પ્રયોગોનાં વૈજ્ઞાનીક કારણો સમજાવ્યા હતા. સાથે સાથે એક્કા ડબલ, મનની ઈચ્છા પુર્ણ કરતો રુમાલ, મુંઝવતા પ્રશ્નોના જવાબ આપતો ડબ્બો તથા હવાના દબાણ પર આઘારીત પ્રયોગોનું નીદર્શન કર્યું હતું.

આ પ્રસંગે શ્રી ખીમજીભાઈ પટેલ તથા નવયુવા કાર્યકર શ્રી ભવાનભાઈ પોકાર (રહે. મહોલી) એ સમાજમાં બનતી આવી ઘટનાઓનાં ઉદાહરણો આપી આવા ખોટા વહેમો, અંઘશ્રદ્ધા, કુરીવાજોમાંથી બહાર આવી માનવતાવાદી / વૈજ્ઞાનીક અભીગમ કેળવવા આહવાન કર્યું હતું.

વડોદરાના કબીરપંથી પ્રીતમદાસે સત્યશોધક સભાને અને તેની આવી સમાજ ઉપયોગી પ્રવૃત્તીને અભીનંદન આપી સૌ વતી આભાર વ્યકત કર્યો હતો.

તે વીસ્તારના યુવાન અને જાગૃત શીક્ષક શ્રી સુરસીંગભાઈ સીંઘાડાનો આ કાર્યક્રમ માટે શરુઆતથી અંત સુધી ખુબ સહકાર રહ્યો હતો. તેમના તથા ભોજેલા ગામના સરપંચશ્રી ગોવીંદભાઈ પરમારના પ્રયત્નો થકી લોકોમાં આવા કાર્યક્રમો થાય તેવો સુર રહ્યો હતો. ગામના ઉત્સાહી અને દીર્ઘદષ્ટા નાગરીક શ્રી ભુદેવભાઈ પરમારના પુર્ણ આર્થીક સહયોગથી આ કાર્યક્રમ અંતરાળ વીસ્તારમાં સાચા અર્થમાં સાર્થક થઈ શકયો હતો.

આ કાર્યક્રમને ખાસ નીહાળવા છેક લીમડીથી શ્રી ખેતાભાઈ પટેલ, તેમના ભાઈઓ તથા ડૉકટરશ્રી સાથે ઉપસ્થીત રહ્યા હતા. કાર્યક્રમના અંતે તેમની આગ્રહભરી વીનંતીને માન આપી સ. સભાની ટીમ રાત્રી રોકાણ માટે તેમના નીવાસસ્થાન લીમડી મુકામે જઈ તેમની સુંદર મહેમાનગીરી માણી કાર્યક્રમની સફળતામાં એક વધુ સુર પુર્યો હતો.

(૨) શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ, સહાડ (કલ્યાણ) મુંબઈ દ્વારા અંધશ્રદ્ધા નીવારણ માટે એક કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. સમસ્ત ભારત કચ્છ કડવા પાટીદાર સમાજ દ્વારા ''શ્રી લક્ષ્મી નારાયણ જાગૃતી રથ'' દેશભરમાં ફરી રહ્યો છે. કચ્છ કડવા પાટીદાર સમાજનાં તમામ ગામો અને શહેરો સુધી તે ફેરવવામાં આવી રહ્યો છે. જેના ભાગરૂપે મુંબઈના કલ્યાણ વીસ્તારમાં શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ, સહાડ દ્વારા શ્રી લક્ષ્મીનારાયણ જાગૃતી રથના આગમન અને સ્વાગત માટે એક ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મુંબઈના કલ્યાણ વીસ્તારમાં અને તેની આજુબાજુ રહેતા કચ્છ કડવા પાટીદાર સમાજના પરીવાર મોટી સંખ્યામાં ઉપસ્થીત રહેનાર હતા. સમાજના લોકોને આ તકનો યોગ્ય લાભ આપવા માટે સમાજના જાગૃત અને ઉત્સાહી નાગરીક શ્રી શંકરભાઈ રામજીભાઈ નાકરાણીએ સત્યશોધક સભા સુરતના શ્રી ખીમજીભાઈનો સંપર્ક કર્યો હતો. સમાજમાં જનજાગૃતીના કાર્યકર માટે પોતાની શુભભાવના દર્શાવી, સવીશેષ યોગદાન આપ્યું હતું. આ કાર્યક્રમની સફળતા માટે શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ, સહાડના પ્રમુખશ્રી ખીમજીભાઈ પટેલ તથા સક્રીય કાર્યકર શ્રી પરસોત્તમભાઈ પટેલે સંપુર્ણ સંમતી અને સહયોગ આપ્યો હતો.

ઉપરોકત કાર્યક્રમ માટે સત્યશોધક સભા, સુરતના મંત્રીશ્રી સીદ્ધાર્થભાઈ દેગામી, સહમંત્રીશ્રી ગુણવંતભાઈ ચૌધરી અને વડીલ કાર્યકરશ્રી ખીમજીભાઈ કચ્છી સહીતની ટીમ મુંબઈ (કલ્યાણ) મુકામે જઈ કહેવાતા ચમત્કારો બતાવી તેનાં વૈજ્ઞાનીક કારણો સમજાવ્યા હતા.

આ કાર્યક્રમની વીશેષતા એ હતી કે, પ્રયોગો ઉપરાંત મોટા પ્રમાણમાં પ્રશ્નોત્તરી થઈ હતી. સાંજે ૮.૩૦ કલાકે શરૂ કરવામાં આવેલ કાર્યક્રમમાં રાત્રે ૧.૦૦ વાગ્યે પણ વહેમ, અંધશ્રદ્ધા, કુરીવાજો, જયોતીષવીદ્યા જેવા વીષયને લગતા અનેક પ્રશ્નો ઉત્કંઠાપુર્વક પુછાયા હતા. શ્રી ખીમજીભાઈ કચ્છીએ ઉપરોકત પ્રશ્નો સહીત સમાજને સ્પર્શતી અનેક સમસ્યાની છણાવટ કરી હતી, તથા સમાજને જાગૃત થવા આગ્રહપુર્વક અનુરોધ કર્યો હતો. આ કાર્યક્રમનો લાભ આશરે ૬૦૦ થી ૭૦૦ જેટલી વ્યકતીઓએ લીધો હતો.

મુંબઈથી સુરત પરત આવતા મનોર પાસે વાડા મુકામે સત્યશોધક સભાની ટીમે એક ''ઉદ્યોગમંદીર'' (પેપરમીલ)ની મુલાકાત લીધી હતી. જેની સ્થાપના કચ્છ – કોટડા – જરોદરના લક્ષ્યધારી યુવાન શ્રી શંકરભાઈ જેઠાભાઈ દીવાણી (નાયાણી) એ કરી છે. તેમણે ફકત મેટ્રીક સુધી જ અભ્યાસ કર્યો છે, પરંતુ તેમના માર્ગદર્શન હેઠળ અનેક ડીગ્રીધારી એન્જીનીયરો કામ કરે છે. દેશનાં વીવીધ શહેરોમાં અદ્યતન ટેકનોલોજી ધરાવતી ૭ જેટલી પેપરમીલોની તેમણે રચના કરી છે. તેમની મીલોમાં જે કેટેગરીના પેપરો તૈયાર થાય છે તે માટેના વેસ્ટ પેપરો વીદેશથી આયાત થાય છે . બોયલરમાં વપરાતો કોલસો પણ વીદેશથી આયાત કરવામાં આવે છે. આવી ૭ જેટલી ફેકટરીઓનું તેઓ સફળ સંચાલન કરે છે. શીક્ષીત ડીગ્રીધારી યુવા પેઢીએ તેમની પાસે પ્રેરણા લેવા જેવી છે.

ઉપરોકત પેપરમીલને ''ઉદ્યોગમંદીર'' નામ શ્રી ખીમજીભાઈ કચ્છીએ આપ્યું છે. તેમણે હાસ્યની સાથે બોધ આપતા અનેક નાના–મોટા કીસ્સાઓ તથા રેશનાલીઝમને લગતી અનેક નાની મોટી કવીતાઓની રચના કરી છે. જે પૈકી ભારત માટે તેમણે એક નવી ટેકનોલોજી શોધી કાઢી છે. જે ટેકનોલોજીનું નામ છે, ''અક્કે–કક્કે ટેકનોલોજી''. આ ટેકનોલોજીની જાણ ડૉ. બી. એ. પરીખ સાહેબને થતા તેમણે એમને બીરદાવી અભીનંદન પાઠવ્યા હતા.

(૩) ઈશ્વરપરા, નવાગામ, ડીંડોલી રોડ, સુરત ખાતે આવેલ નગર પ્રા. શીક્ષણ સમીતી સુરતના સી.આર.સી. કેન્દ્ર નં ૨૯ અને ૩૩ ના સંયુકત ઉપક્રમે તા. ૨/૩/૧૩ ના રોજ સી.આર.સી. તાલીમ લેતા ૯૫ શીક્ષકોને સત્યશોધક સભા, સુરતના શ્રી સીદ્ધાર્થભાઈ દેગામી અને શ્રી માધુભાઈ કાકડીયાએ વીજ્ઞાનના ચમત્કારો, પ્રયોગ દ્વારા નીદર્શન કરી, 'ચમત્કારોમાં સત્ય શું છે ?' એ બાબતની સમજ આપી હતી. સી.આર.સી. કો–ઓર્ડીનેટર શ્રી અનીલ શીંપી તથા શાળા નં. ૬૬ ના આચાર્ય શ્રી શાંતારામ સોનવણેએ આવેલ આમંત્રીત મહેમાનશ્રી સીદ્ધાર્થભાઈ દેગામી તથા માધુભાઈ કાકડીયાનું પુષ્પથી સ્વાગત કર્યું હતું. કાર્યક્રમનું

આયોજન શાળા નં. ૬૬ ના શીક્ષકશ્રી કેદારનાથ ખંડાળે અને શ્રી વસંત પાટીલે કર્યું હતું.

(૪) જહાંગીરાબાદ, ઉગત, સુરત સ્થીત શ્રી રવીશંકર મહારાજ પ્રા. શા. નં. ૧૬૬ માં સુરત સત્યશોધક સભાના સહમંત્રીશ્રી મધુભાઈ રામભાઈ કાકડીયાએ શાળાની મુલાકાત લઈ શાળાના ધોરણ ૫–૬–૭–૮ ના વીદ્યાર્થીઓને સમાજમાં જોવા મળતી અંધશ્રદ્ધા તથા ખોટા રીવાજો અંગેની સમજ વીવીધ પ્રયોગો અને સમજણો સાથે આપી હતી. સમાજમાં આવા રીવાજોથી નાગરીકો છેતરાતા હોય છે. વીદ્યાર્થી જગતમાં આવી ખોટી અંધશ્રદ્ધાની સાચી સમજ અને માર્ગદર્શન માટે માધુભાઈની કામગીરી ખુબ જ પ્રેરણાદાયી રહી.

(૫) સત્યશોધક સભાના સહમંત્રી મધુભાઈ કાકડીયાને વરાછાના રહેવાસી રમેશભાઈ લખાણીની ફરીયાદ મળી. ફરીયાદ તેમના પોતાના ૧૨ વર્ષના પુત્ર રાજની હતી. ઘણા સમયથી શરીરમાં કોઈ આત્માા આવતો હોય તેમ રાજ વીચીત્ર વર્તન કરતો અને ત્રણ વાર તો ઘર છોડીને ચાલ્યો ગયો હતો. મધુભાઈ કાકડીયાએ રુબરુ મુલાકાત લઈ રાજનું પ્રથમ ઈન્ટરવ્યુ લીધું જેમાં તેને ઘણા સામાન્ય સવાલો પુછયા. ‘તને શું વધારે ગમે છે ? ઘરમાં તને કોણ વધુ ગમે છે ? તારે કઈ વસ્તુ લેવી છે ? તારી પાસે પૈસા આવે તો તું કઈ વસ્તુ ખરીદશે ? તને કોણ પરેશાન કરે છે ?’ વગેરે. પ્રશ્નોત્તરીમાં મધુભાઈને ખ્યાલ આવી ગયો કે તેને શેની જરૂર છે અને શું તકલીફ છે. મુખ્ય તકલીફ હતી ઘરના વાતાવરણની. ઘરમાં કોઈને તાવ આવે તો પણ એવું સમજતા કે કોઈની નજર લાગી છે. શરદી થાય તો કોઈ બાપુ પાસે જોવરાવવુ પડે. બીજી તકલીફ હતી મોબાઈલની. રાજને મોબાઈલ જોઈતો હતો જે તેના પપ્પાએ આપ્યો નહીં અને આ સમસ્યાના ઉકેલ માટે ૧૨ વર્ષનો રાજ ઘરના વાતાવરણ અને અંધશ્રદ્ધાભર્યા વીચારો વચ્ચે ગાંડા કાઢવાનુ શરુ કરી દીધુ હતું, પરંતુ હવે માત્ર મોબાઈલ આપવાનો આ સમસ્યાનો ઉકેલ ન હતો. ઘરનું વાતાવરણ પણ બદલવાનું માધુભાઈએ એમને જણાવ્યું.

(૬) શ્રી સ્વામીનારાયણ મંદીર, વરાછા રોડના કોઠારી શ્રી પ્રેમ પ્રકાશદાસજી જણાવે છે કે, આપશ્રીની સંસ્થા સત્યશોધક સભા દ્વારા જે કાર્યક્રમો થાય છે તે ખરેખર અદ્‌ભુત અને પ્રશંસનીય છે. આવા કાર્યક્રમો દ્વારા સમાજમાં જાગૃતતા આવે છે. લોકો ખોટા વહેમ, દોરા–ધાગા, તાંત્રીકવીધી વગેરેમાં પડતા અટકે છે તથા સમાજમાંથી અસામાજીક દુષણો કરનાર તત્ત્વોનો પડદાફાશ થાય છે. તાજેતરમાં તા. ૨૦–૪–૨૦૧૩ ના રોજ અમારી સંસ્થા શ્રી સ્વામીનારાયણ મંદીર કલાકુંજ, વરાછા રોડ માં એક સુંદર કાર્યક્રમનું આયોજન કરવામાં

આવ્યું હતું. જેમાં આપની સંસ્થાના મંત્રી શ્રી સીદ્ધાર્થ દેગામી, સહમંત્રી શ્રી માધુભાઈ કાકડીયા, શ્રી ખીમજીભાઈ કચ્છી અને શ્રી જાદવભાઈ કીરીયાની ટીમ દ્વારા લોકોને સરસ માર્ગદર્શન તથા લાઈવ ડેમો દ્વારા સમજણ આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં આશરે ૩૦૦૦ જેટલા ભકતાએ લાભ લીધો હતો. આપની સંસ્થા દ્વારા સમાજ ઉપયોગી કાર્યક્રમો અવારનવાર થતા રહે એવી હાર્દીક શુભેચ્છા !

**(૭) સુરતના જાણીતા ડોકટર નાગજીભાઈ જીવાણીના સમગ્રપરીવાર** અને અન્ય નાગરીકો સમક્ષ સત્યશોધક સભાના સહમંત્રી શ્રી માધુભાઈ કાકડીયાએ ચમત્કાર નીદર્શન કાર્યક્રમ રજુ કર્યો હતો. કાર્યક્રમના અંતે થયેલ પ્રશ્નોત્તરીમાં વીજ્ઞાન જે કરી શકયું નથી તેમાં ઈશ્વરી અસ્તીત્વ શોધવાનો પ્રયત્ન કેટલાક શ્રોતાઓએ કર્યો હતો. જેના જવાબમાં શ્રી માધુભાઈ કાકડીયાએ જણાવ્યું હતું કે વીજ્ઞાન કોઈ બાબત શોધી નહીં શકે તેથી તેમાં ઈશ્વર હોવાનો દાવો કરી શકાય નહીં. વીજ્ઞાન રોજ કૃત્રીમ લોહી સહીત નવી શોધો કરે છે તે તરફ શ્રોતાઓનું ધ્યાન ખેંચ્યું હતું. આ કાર્યક્રમમાં જાણીતા ડોકટર બટુકભાઈ ઘેલાણી અને જાણીતા ઉદ્યોગપતી રસીકભાઈ ખેજા પણ હાજર રહયા હતા.

**(૮) નવસર્જન ટ્રસ્ટ, સુરત**ના આશ્રમે શહેરની ઝૂંપડપટ્ટીના બાળકો સમક્ષ સત્યશોધક સભાના પ્રમુખ શ્રી બાબુભાઈ દેસાઈ અને મંત્રીશ્રી સીદ્ધાર્થ દેગામીએ ચમત્કાર નીદર્શન કાર્યક્રમ આપ્યો હતો. વહેમ-અંધશ્રદ્ધાનો સૌથી વધારે ભોગ આ બાળકો બનતા હોય છે. તેથી તેમને એમના ભાવી જીવનમાં વધારે સચેત-સતર્ક રહેવાની સમજણ આપવામાં આવી હતી.

---

ભાષાનો જનમ તો લાગણીના વહેવારને બળુકો બનાવવા કાજે થયેલો, પણ પછી બચાડો માણસ શબ્દના જાલીમ ફંદામાં એવો સલવાઈ ગયો કે એના દીલોદીમાગને લકવો થઈ ગયો. શબ્દો લાગણી અને વીચારના રીંગ-માસ્ટર બની બેઠા. ધર્મગ્રંથોએ એવી શબ્દજાળ ગુંથી બતાવી કે સાચકલી સંવેદના અને વીચારસ્વાતંત્ર્યની પાંખો નકામી થઈ ગઈ. ખરા ઈશ્વરને બદલે ઈશ્વરના નામનો મહીમા થવા માંડયો. મોટા ભાગના હીંદુઓ ‘રામરામ’ ‘શીવ શીવ’ ‘હરીહરી’ બોલવાના કૌવતને જ આધ્યાત્મીકતા માની સલામ ઠોકવા માંડયા.

(એન. એન. રોય લીખીત મહેન્દ્ર ચોટલીયા અનુવાદીત અને બીપીન શ્રોફ પ્રકાશીત)

# ખુન અને બળાત્કાર

ખુન થયા પછી શબ પ્રાપ્ત થતું હોય છે. બળાત્કાર થયા પછી કેટલીકવાર જીવન પેદા થાય તેવો શુક્ર કણ એક સ્ત્રીને પ્રાપ્ત થતો હોય છે. જેનું ખુન થયું હોય છે તેનો પરીવાર શબને રાખવા માંગતો નથી. ખુન થતું હતું તે દરમીયાન જો લોહી નીકળી આવ્યું હોય તો તેનો એક એક ડાઘો લુછી નાંખવામાં આવે છે. પરીવાર પાસે પીડા અને ગુમાવ્યાનો ભાવ રહી જાય છે. તે પરત્વે સૌની સહાનુભુતી હોય છે.

બળાત્કારને કારણે જુલમ હેઠળ સ્ત્રીના શરીરમાં દાખલ થઈ ગયેલા અને નવો જીવ પેદા કરી શકે તેવો શુક્ર કણ દાખલ થઈ ગયો હોય તો ખ્રીસ્તી ધર્મ સહીતના મોટા ભાગના ધર્મો એ કણનો નીકાલ કરવા દેતા નથી. એવા વણમાંગ્યા શુક્ર કણને લઈને પીડા સહન કરી કરીને જીવતી સ્ત્રી ધીક્કારને પાત્ર ગણાય છે. મોટા ભાગના ધર્મોના નીયમો એવા છે કે જે હેઠળ એવો શુક્ર કણ ઘુસાડનાર પુરુષ સમાજમાં માતેલા સાંઢ જેવો ફરી શકે છે ! ખુન થઈ ગયું છે તેવા શબનો નીકાલ થતો હોય તો આ શુક્ર કણનો નીકાલ કેમ થઈ શકે નહીં ? જો ખુનીને સજા થતી હોય તો બળાત્કારીને શા માટે નહીં ? ધર્મો આ સવાલોનો જવાબ આપતા નથી. સવાલ પુછનારને તેઓ ‘હતો...ન હતો’ કરી નાંખવા તત્પર બને છે ! (‘ઈન્ટરનેશનલ હ્યુમેનીસ્ટ ન્યુઝ’ના નવે.-૧૨ ના અંકમાંના સંગીતા મોલના લેખમાંથી સુધારા સાથે.)

**Posted under RNI, Delhi, Regd. No. GUJ GUJ/2009/30348**
**Posted under Registration License No. SRT-716/2013-2015**
**PUBLISHED, OWNED AND EDITED BY**
**Shree Babubhai Dhirajlal Desai**

**PRINTED BY :**
**Shree Suryakant Sobhagchand Shah at**
**Agrawal Trust, Rangildas Mehta's Street, Nr. Gopipura P.O., Surat. (Gujarat), Published at, 3, Abhinav Park, Sarela Wadi, Ghod Dod Road, Surat-395001 (Guj.)**